પંચનૂર

ભાગ - ૨

પંચનૂર

ભાગ - ૨

પંચનૂર

ભાગ - ૨

આવૃત્તિ - ૧ લી તા. ૧-૨-૨૦૦૩ પ્રત ૧૦૦૦
આવૃત્તિ - ૨ જી તા. ૧-૨-૨૦૦૮ પ્રત ૧૦૦૦
આવૃત્તિ - ૩ જી તા. ૧-૬-૨૦૦૮ પ્રત ૧૦૦૦
આવૃત્તિ - ૪ થી તા. ૧૦-૧૧-૨૦૧૮ પ્રત ૧૦૦૦

-:: સતપંથ ધર્મના પાંચ નિયમ ::-

(૧) શરીર શુદ્ધિ (૨) હૃદય શુદ્ધિ (૩) વ્રતદાન (૪) ઉપાસના (૫) ધ્યેય

(૧) શરીર શુદ્ધિ : એટલે લાઈ સુતક જેવા, કે જન્મ સૂતક - ચાલીસ દિવસે બાળકને કાંકણ બંધાવી છાંટ નંખાવવી.

મરણ ક્રિયા : તે દિવસે જ નાહી ધોઈને શુદ્ધ કરવી અને સતપંથના નિયમ પ્રમાણે ત્રીજે દિવસે બાવની ક્રિયા કરવી.

રજસ્વાલ : માસિક ધર્મ સ્ત્રીઓએ (૭૨) બોત્તેર કલાક પુરા ત્રણ દિવસ પાળવું અને સાતમા દિવસે છાંટ નખાવી લાઈ ઉતરાવવી.

-:: ગોર ઈમામશાહની આજ્ઞા પ્રમાણે ::-

(૨) હૃદય શુદ્ધિ :- હૃદય શુધ્ધિ એટલે માદક પદાર્થોનો ત્યાગ કરવો જેવા કે તમાકુ, અફિણ, ભાંગ, ગાંજો, માંસ, મદીરા (દારૂ), હીંગ, લસણ, ડુંગળી વગેરે જેવા તામ્રક (માદક) પદાર્થોનો ત્યાગ કરવો.

(૩) વ્રતદાન :- શુક્રવારી બીજનું વ્રત કરવું. ગુરૂવારનો આખો દિવસ ને રાત્રે અને શુક્રવાર આખો દિવસ સાંજે ચંદ્ર દર્શન કરી જમવું.

(ગુરૂવારે સાંજે પૂજામાં પ્રસાદ તેમજ પાવળ પીવું)

(જો બાર પહોર ન બને તો આઠ પહોર કરવા તો ગુરૂવારે દિવસ આથમ્યા પહેલા જમી લેવું)

(વ્રતમાં ખાવું - પીવું નહી)

(૪) ઉપાસના :- ઉપાસનામાં હાલ તેમજ માલની દસોંદ આપવી.

હાલની દસોંદ:- ચાર વખત સંધ્યા કરવી ઘટપાટની પૂજા ભરવી,

માલની દસોંદ :- પોતાની આવકમાંથી ચોખ્ખા નફામાંથી દસમો ભાગ આપવો અને ખેતીમાંથી વીસમો ભાગ અગર ચાલીસમો ભાગ ગોર દ્વારે આપવો.

(૫) ધ્યેય :- આજ કલીયુગના સ્વામી શ્રી નિષ્કલંકી નારાયણ છે, તો તેને ઓળખીને તેની ઉપાસના કરવી. સદગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહના વચન પ્રમાણે ચાલવું.

માનવદેહ મળ્યો, ફેરો સુધારજે.
ભક્તિનું ભાથું બાંધ, છેલ્લો ફેરો છે.

માનવ કહે કે હું કરૂં, અને કરવાવાળો કોઈ.
આદર્યું અધવચ્ચે રહે. અને પ્રભુ કરે તે હોય.

સત્પંથ તો સિધી સડક હે, ઈસમેં કોઈ ખટકા નહિ,
આજ તક ઈસ રાહમેં, કોઈ મુસાફીર ભટકા નહિ,

અંજન એસો આંજીયે, જેસો નિરંજન સુઝે,
એ બાતાં નહિ કુચ્છ મુફતોંકી સુરા હોય સો સુઝે.

લોક લજ્જા નવ રાખીએ, અને લજ્જાએ વણસે કાજ,
સગા કુટુંબ બેની બંધવા તે, નહિ આવે જીવ કે સંગાત.

ગુરૂ કે શીર ગાંસડી, અને સેવક કે શીર ભાર રે,
જો લોહા નાવે બેસીએ, તો ક્યું કર ઉતરે પાર રે.


આદમ કું ખુદા મત કહો, આદમ ખુદા નહિ હે.
લેકીન ખુદા કે નુરશે, આદમ જુદા નહિ હે.

સૂચના : આ પુસ્તકની પવિત્રતા જાળવવી અને દુવાઓ તથા ઈલમનું પુસ્તક સતપંથ ધર્મની મહાન ભેટ હઝરત પીર ઈમામુદીન (ઉર્ફે "ઈમામશાહ બાવા") અને તેમના મહાન બુઝુર્ગોની આત્માના સવાબ અર્થે છાપવામાં આવેલ છે. તો પવિત્રતા માટે ખાસ સંભાળ રાખવા વિનંતિ છે.


છપાવનાર : લાલપુર કંપાના પચાણભાઈ પુંજાભાઈ પટેલ
તાલુકો : મોડાસા, જિ. અરવલ્લી, ગુજરાત

✣ અનુક્રમણિકા ✣

✤ અનુક્રમણિકા ✤




મહોર નબુવત



ઝુલફી કાર



સ્વર્ગમાં લઈ જનારો બુરાખ



દૂલદૂલ ઘોડો

૧. દુવા મોહોર નબુવતની છે.

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

એ મોહોર નબુવત નબી સાહેબનું નુર છે. નુરવે નુર ઈમામ જાદે સાહેબ, ઈમામ હસન હુશેન, સલ્લે અલ્લા વસલ્લામ, મોહર નબુવત માંહેથી પેદા કીધાં છે., નબુવત નુર ફાતમા જહુરા, ઈમામ જેનલાબેદીન નુર નબુવત પેગમ્બર સવા લાખકે, નબુવત નુર સૈયદ ઈમામ નુર નકલંકી સૈયદ સપ્ત બ્રહ્માંડ. અરસ કુરસી, લોહો કલમ સ્વામી ઉનાદ અવીગત તમે નુરે સરજંતે, સપ્ત પાતલંગ.

(૧) મોહોર નબુવત શ્રી મચ્છા જના અરજનંગ.
(૨) મોહોર નબુવત શ્રી કોરંભ જના અરજનંગ.
(૩) મોહોર નબુવત શ્રી વરાહ જના અરજનંગ.
(૪) મોહોર નબુવત શ્રી નરસિંહ જના અરજનંગ.
(૫) મોહોર નબુવત શ્રી વામન જના અરજનંગ.
(૬) મોહોર નબુવત શ્રી ફરસુરામ જના અરજનંગ.
(૭) મોહોર નબુવત શ્રી રામ જના અરજનંગ.
(૮) મોહોર નબુવત શ્રી કૃષ્ણ જના અરજનંગ.
(૯) મોહોર નબુવત શ્રી બુધ્ધા જના અરજનંગ.
(૧૦) મોહોર નબુવત શ્રી નકલંકી જના અરજનંગ

અલી વિષ્ણુ ચૌદે બ્રહ્માંડ, સપત પાતલંગ, શાહ અલી વિષ્ણું સત ધર્મ સતપંથ શુધ્ધ માર્ગ. સપાતરંગ, શંખ, ચક્ર, ગદા, પદમ, સારંગધર, ધર્મ, ઓતમંગ, ઈમામ હસન હુશેન, ઈમામ જેનલાબેદીન, ઈમામ મહંમદ બાકર, ઈમામ જાફર સહાદીક. ઈમામ ઈસ્માઈલ, ઈમામ નુર સતગોર. ઈમામ ઈસ્માઈલ સાહાની, સૈયદ નુર મહંમદ શાહ સૈયદ પીર ઈમામશાહ

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૨. મોહોર નબુવત જોયાનું ધર્મ લખ્યું છે.

(૧) સવારના પહોરમાં મોહોર નબુવત જુવે તો, ઈમામ જેનલાબેદીનનું મોં જોયાનું ફળ થાય. (૨) દિન પોહોર ચડતા મોહોર નબુવત જુવે તો માતા ફાતમાના દિદાર કર્યાનું ફળ થાય (૩) બપોર ચઢતા મહોર નબુવત જુવે તો, નબી સાહેબની મીજલસમાં બેઠાનું ફળ થાય (૪) પાછલો દીન ઘડી ચાર હોય ત્યારે મહોર નબુવત જુવે તો, ઈમામ હસન હુશેનની દસપોસી લીધાનું ફળ થાય. (૫) સાંજની વખત મોહોર નબુવત જુવે તો શાહ મૌલા મુરતુજાઅલીને દસપોસી લીધાનું ફળ થાય. (૬) રાત પહોર જાતાં મોહોર નબુવત જુવે તો, તથા વાંચીને કાને સવાલ પાડે તો, નબી સાહેબનું મોં જોયાનું ફળ થાય, તથા પાંચ તન પાકના ચરણ ધોઈ પીધાનું ફળ થાય. (૭) જો માણસ મરતાં મરતાં મોહોર નબુવતનાં દર્શન કરે તો, તથા વાંચીને કાને સવાલ પાડે તો, તેની રૂહ કબજ કરતાં સોહેલો થાય, તથા સાહેબ દીદાર આપે, તે જીવને ભેસ્ત નસીબ કરશે.

૩. મોહોર નબુવતની ખાસિયત લખી છે.

એવા વખત છો મધે મોહોર નબુવતનાં દર્શન દરરોજ કરીએ. (૧) એમ કરતાં જોઈ ન શકીએ તો, દિન એકમાં એક વાર જોઈએ., (૨) એમ કરતાં જોઈ ન શકીએ તો, દિવસ આઠમાં એકવાર જોઈએ. (૩) એમ કરતા જોઈ ન શકીએ તો મહિનામાં એકવાર જોઈએ.(૪) એમ કરતાં જોઈ ન શકીએ તો વર્ષમાં એકવાર જોઈએ. (૫) એમ કરતાં જોઈ ન શકીએ તો ઉંમર સર્વેમાં એક વાર જોઈએ. (૬) જે કાંઈ કામ કરવું હોય, તો મોહોર નબુવત વાંચી તથા જોઈને કરે તો, તે કામ ફત્તેહ થાયે, બોલ બાલા થાયે. એ મોહોર નબુવત જોયાનું સર્વ ધર્મ છે. કથંતે પીર સુદરદીન, પીર કબીરદીન સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૪. ધંધુકારી નુરનામું

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

પ્રથમ આદ નિરંજન ધંધુંકાર, આપે હોતા એક સત્તાર. ૧.
આપસ માંહેથી નુર નીપાયા, વેભી ખાસા દોસ્ત કેલાયા. ૨.
ઉનથી સારી સૃષ્ટિ નીપાઈ, દેખો તમે ખાલકકી બડાઈ. ૩.
હો કહેતાં માંહે સબ હોકર ગયા, ઉસ હોતે માંહે કુચ્છ ન રહા. ૪.
અનંત અપારી આદમ હુવા, સાખી આદમથી નુર પ્રગટ હુવા. ૫.
જીસકા અમર દીનજો ઘડીયા, જાણબુઝ કર ગફલતમેં પડીયા. ૬.
બંદગી કારણ સરજ્યા સંસાર, જાણ બુઝકર ભુલા ગમાર. ૭.
ઊસ નુર બાજ દુઝા નુર વખાણો, નરકે પડે પીછે તમે જાનો. ૮.
નુરે નુર ચલે સબ આવે, જો કુછ ઢુંઢે શાહ જો પાવે. ૯.
દીવે દીવા રોશન હોવે, સોહે જાને વિરલા કોઈ. ૧૦
દીવા માંહે દીવો સાર, સોહો દીવા તે નર આકાર. ૧૧
ઊસ નુર થકી અલી મુર્તુજા, રોશન હોવે દીન મુસ્તુફા. ૧૨
મુર્તુઝા અલીથી હુવે દીન ઈમામ, જીનકું જાને ખલક તમામ. ૧૩
તૈયબ કલમો કહે તમામ, સોહે પાવે દીનમાં ઠામ. ૧૪
ઈસ દીન ઢુંઢે તો ચાલીયા આવે, નુરકું પીછાણે તો શાહકું પાવે. ૧૫
દુનિયા દુર તબ નુરકું પાયે, ફજ્ઞીયાં સો તો મનખો ગુમાએ. ૧૬
ચલીયા સોહો તો ભેસ્તમેં જાવે, જો નુરનામે પર કાન લગાવે. ૧૭
નુરનામા માંહે એસા ભાંખ્યા, જો કુછ થાસો ખોલકર દેખાયા. ૧૮
નુર મહંમદકા કરો બખાના, પેદાશ ઉનકી દેખ પીછાના. ૧૯
ખાલક આખો એક શોભાના, નુરનામા પડે પીર ઈમામા. ૨૦
તે પીરકું પાવે સો ભેસ્તમાં જાવે, ગોર નરકું એક કરી ધાવે. ૨૧
અલી મહંમદ સો એક શોભાના, તમે જાનો વોહી ઈમામા. ૨૨
નુરનામાં માંહે એસા સુણાયા, મોમનકુ નુર ખોલ દિખાયા. ૨૩
આંખો ખોલકર નુર શોભાના, નુર તખત હે નિરંજન ઠામા. ૨૪
આદ વિષ્ણુતે નરઅલી મહંમદશાહા નામા, સતગોર બ્રહ્મા તે પીર ઈમામા. ૨૫

આખર અસ્થળ બાંધ્યા જેહે, જંબુદ્વીપે કુંવારા કા ક્ષેત્ર તેહે. ૨૬
નુરનામાં પઢે પીર ઈમામ, સુણો મુમન એકે ધ્યાન. ૨૭

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫. શ્રી મોટું નુરનામું લખ્યું છે.

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

અઉજો બિલ્લાહે મિનશ્શયત્વા નિરરજીમ, વલફજલ, ફરમાનજી બિસ્મીલ્લા હરરહેમાન નરરહીમ, અલહમદુ લિલ્લાહે રબ્બીલ આલમીન વલે અકબતો, વલે મુસ્તકીના, વેહીસલવાતો વેહી સલામો, અલ્લા રસુલેહી, મહંમદીન, વલી અલ્લાહે, વેહી અજબ હે, અલ્લાખેરે ખાલકી, વેહેનુર અરસહી નબી નામ મહંમદીન, હજરત રસુલતપનાહી. સલ્લે અલ્લા વસલ્લમ, નુર મહંમદ મુસ્તુફાનું પેદા કીધું છે. ત્યારે ખબર હદીસ શરીફ માંહે કીધી છે. અને પાક પરવરદીગાર મોટા છે. વજુદ આદમ નેં હવાં સલ્લે અલ્લાહો અલયહે વસલ્લમ પ્રથમ વજુદ ખુદા તાલાએ બેઉ ચીજ પેદા કીધી છે. હા પણ નુર અમારૂં છે.

એક દીન મેહેત્રે જીબ્રાઈલ અલયહીસ્સલામ આવ્યા છે. ત્યારે બીબી ફાતમા જોહરા રદીયલ્લાહો તઆલા અનહુ તે વખતે હાજર હતાં ત્યારે બીબી ફાતમાએ કહ્યું છે જે, સલામ આલેકંમરે આહો કાકા જીબ્રાઈલ. ત્યારે મેહેત્રે જીબ્રાઈલ બોલ્યા નહીં. ત્યારે બીબી ફાતમાએ કહ્યું જે, તમે સલામનો જવાબ કેમ પાછો વાળ્યોં નહીં. ત્યારે મેહેત્રે જીબ્રાઈલ બોલ્યા છે કે આહો બીબી ફાતમા, તમે અમને કાકા કેમ કહ્યા, બાઈ અમારી ઉંમર તો ઘણી મોટી છે.

ત્યારે બીબી ફાતમા જોહરા રદીઅલ્લાહો તઆલા અનહુએ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પુછ્યું છે. આહો નબી રસુલલ્લાહો તમે મોટા છો કે મેહેત્રે જીબ્રાઈલ મોટા છે.

ત્યારે નુર મહંમદ મુસ્તુફાએ કહ્યું છે જે, મોટા તો નબી રસુલિલ્લાહ છે. ત્યારે બીબી ફાતમાએ કહ્યુ છે જે, આહો મેહેત્રે જીબ્રાઈલ, મોટા તો નબી

રસુલિલ્લાહ છે.

ત્યારે મેહેત્રે જીબ્રાઈલ અલયહીસ્સલામે કહ્યું છે જે, આહો નબી રસુલિલ્લાહો, તમે મોટા છો, અને મોટા કહેવાઓ છો. પણ ઉંમર તો અમારી ઘણી મોટી છે.

ત્યારે હઝરત રસુલ તપનહી, સલલ્લાહો અલયહે વસલ્લમે કહ્યું છે જે. આહો મેહેત્રે જીબ્રાઈલ તમારી ઉંમર કેટલી મોટી છે. અને તમારી ઉંમરમાં તમે શું શું જોયું છે ?

ત્યારે મેહેત્રે જીબ્રાઈલ અલયહીસ્સલામે કહ્યું છે જે, આહો હજરત રસુલિલ્લાહ. પ્રથમ ખુદા તાલાએ એક તારો પેદા કીધો હતો, તે તારાનું નામ કેતાબ તારો. તેને ધ્રુવ તારો પણ કહે છે. તે તારો જ્યારે ઉગતો હતો, ત્યારે સીત્તેર હજાર વરસ લગી ઉગતો રહેતો હતો. તે તારો જ્યારે આથમતો ત્યારે સીત્તેર હજાર વરસ સુધી આથમતો રહેતો હતો, એવા એક લાખ ને ચાલીસ હજાર વર્ષ લગી અમારી ઉંમર માંહે ઉગતો ને આથમતો દીઠો હતો.

ત્યારે નુર મહંમદ મુસ્તુફાએ કહ્યું છે જે આહો મેહેત્રે જીબ્રાઈલ તે તારો અમારા નુર માંહેથી ખુદાતાલાએ પેદા કીધો છે. તે તારાથી આગળ પચાસ લાખ ને ચૌદ હજાર વરસથી મોહોરે ખુદાતાલાએ પોતાના નાંભી કમળ થકી હમારૂં નુર પેદા કીધું છે. આહો મેહેત્રે જીબ્રાઈલ તમે સુણો તો તે વાતનું બ્યાન તમારી પાસે કરીએ, જે ખુદા તાલાએ પોતાના નુરની તારીફ કીધી છે, તે તમે યાદ રાખજો. ત્યારે મેહેત્રે જીબ્રાઈલ એકે ચિંતે રહ્યા છે. ત્યારે નુર મહંમદ મુસ્તુફાએ કહ્યું છે જે, તમે કેતાબ તારો દીઠો હતો, તેને કેવાં નિશાંન હતાં. ત્યારે મેહેત્રે જીબ્રાઈલે કહ્યું છે જે, તે તારાને પાંચ નિશાંન હતાં, ત્યારે નુર મહંમદ મુસ્તુફાએ પુછ્યું છે જે, તે પાંચ નિશાંન તે ક્યા કયા છે ?

(૧) ત્યારે મેહેત્રે જીબ્રાઈલ બોલ્યા છે, તે તારાને કાન માંહે બે ધુર હતા (૨) ગળા માંહે હંસ હતો (૩) માથા ઉપર તોરો હતો (૪) હાથ માંહે અંગુઠી હતી. (૫) એવાં પાંચ નિશાંન હતા., ત્યારે નુર મહંમદ મુસ્તુફાએ કહ્યું છ

જે, આહો મેહેત્રે જીબ્રાઈલ અલેહીસ્સલામ, તે તારાને કાનમાંહે બે ધૂર હતા તે હસન અને હુશેન હતા (૨) ગળા માંહે હંસ હતો તે બીબી ફાતમા હતા. (૩) માથા ઉપર તોરો હતો તે રસુલિલ્લાહનુ નુર હતું . (૪) હાથ માંહે અંગુઠી હતી તે હજરત અલી હતા. (૫) તે પાંચે તનપાક છે. તે અમારા નુર બરાબર છે. એવી તારીફ સાંભળીને મેહેત્ર જીબ્રાઈલ બોલ્યા છે, કે વાલેયકુમ સલામ, જો બીબી ફાતમા, એવા સલામ વાળા છે. અને અમર અલ્લાહને માન્યા છે. વળી ખુદાતાલાએ કાંઈ ચીજ પેદા કીધી છે તે નુર સર્વે અમારૂં છે. તાંહાં નુર મહંમદ મુસ્તુફાએ શિજદો કીધો છે.

ત્યાર પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે. એ નુર હમારા, એ દોસ્તાર હમારા, એ હજરત હબીબ હમારા, એ મહંમદ માશુક હમારા એ નુર મુતલક હમારા, એ રસુલ મહેબુબ હમારા, એ સતગોરજી તમે પોતાનું માથું ઉપાડો, તમારી મોહોબત માંહેથી અમે દસ દરિયાવ પેદા કીધા છે.

તે માંહે પેલો દરિયાવ તો ઈલમનો પેદા કીધો છે. (૧)
બીજો દરિયાવ તો હિલમનો પેદા કીધો છે. (૨)
ત્રીજો દરિયાવ તો હૈયાનો પેદા કીધો છે. (૩)
ચોથો દરિયાવ તો હિંમતનો પેદા કીધો છે. (૪)
પાંચમો દરિયાવ તો અક્કલનો પેદા કીધો છે. (૫)
છઠ્ઠો દરિયાવ તો ફક્કરનો પેદા કીધો છે. (૬)
સાતમો દરિયાવ તો સબુરીનો પેદા કીધો છે. (૭)
આઠમો દરિયાવ ઈશ્કનો પેદા કીધો છે. (૮)
નવમો દરિયાવ તો ખુબીનો પેદા કીધો છે. (૯)
દસમો દરિયાવ તો ઉંમત રહેમતનો પેદા કીધો છે. (૧૦)

એવા દસ દરિયાવ માંહે મોટા મોટા મુકામ ઉપર દસ હજાર વર્ષ સુધી હમારા નુરને રાખ્યા છે, એવા દસ હજાર વરસ થઈ ગયાં છે. ત્યાં સુધી

નુર તો શિજદામાં રહ્યા છે. તે દસ હજાર વરસ પછી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે.

એ નુર હમારા, એ દોસ્તાર હમારા, એ હઝરત હબીબ મારા, એ મહંમદ માશુક મારા, એ નુર મુતલક મારા, એ રસુલ મહેબુબ મારા એ સતગોરજી તમે બહાર આવો ત્યારે નુર મહંમદ મુસ્તુફા બહાર આવ્યા છે. કળા નુરાંણી પ્રકાશ કીધી છે.

ત્યાર પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે. એ નુર મારા, એ દોસ્તાર મારા. એ હઝરત હબીબ મારા, એ મોહંમદ માશુક હમારા, એ નુર મુતલક મારા એ રસુલ મહેબુબ મારા, એ સતગોરજી તમે ઉઠીને પોતાનું દીલ ઢંઢોળો તારે હઝરત પયગંબર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઉઠીને, પોતાનું ડીલ ઢંઢોળ્યું છે., તારે હઝરત મહંમદ મુસ્તુફાના તન મુબારક માંહેથી અનંત અનંત નુરના કતરા પડ્યા છે. તે માંહેથી અનંત અનંત રૂહાની જીવા જણસ પેદા થઈ છે. આહો મેહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ.

ત્યાર પછી વળી કતરા એક લાખને એંસી હજાર અમારા નુરના, પર મુબારક માંહેથી પડ્યા છે. તે માંહેથી એક લાખને એંસી હજાર પીર પયગંમ્બર પેદા કીધા છે પછી વળી કતરા આઠ હજાર ત્રણસોને તેર (૮૩૧૩) અમારા નુરના મુખ મુબારક માંહેથી પડ્યા છે. તે માંહેથી આઠ હજાર ત્રણસોંને તેર મુરસલ્લા પેદા કીધા છે. પછી વળી કતરાકેતા એક લાખ અમારા નુરના, રૂમરાએ મુબારકમાંથી પડ્યા છે. તેમાંથી કેતા એક લાખ નુરી ફિરસ્તા પેદા કીધા છે. પછી વળી કતરા સીત્તર હજાર અમારા નુરના શીષ મુબારક માંહેથી પડ્યા છે. તેમાંથી સીત્તર સહસ્ત્ર હુસેની પેદા કીધા છે. પછી વળી કતરો એક અમારા નુરના પેસાની મુબારક માંહેથી પડ્યો છે. તે માંહેથી મોહોર નબુવત પેદા કીધાં છે.

પછી વળી કતરા બેઊ અમારા નુરના જમણી આંખ મુબારક માંહેથી પડ્યા છે. તેમાંથી પેલે કત્રેકા તો મેહેત્ર જીબ્રાઈલ પેદા કીધાં છે (૧), બીજે કત્રેકા તો મેહેત્ર મિકાઈલ પેદા કીધા છે. (૨), પછી વળી કતરા બેઊ અમારા નુરની ડાબી આંખ મુબારક માંહેથી પડ્યા છે તે માંહેથી પેલે કત્રેકા તો મેહેત્ર અસરાફેલ પેદા કીધા છે. (૧) બીજે કતરે કા તો મેહેત્ર અજરાઈલ પેદા કીધા છે. (૨), પછી વળી કતરા બેઉ અમારા નુરના જમણા નેત્ર મુબારક માંહેથી પડ્યા છે. તેમાંહેથી પહેલા કતરે કા તો મેહેત્ર સુરવાએલ પેદા કીધા છે. (૧), બીજે કતરે કા તો મેહેત્ર નુરવાએલ પેદા કીધા છે. (૨), પછી વળી કતરા બેઉ અમારા નુરના ડાબા નેત્ર મુબારકમાંથી પડ્યા છે. તેમાંથી પહેલા કતરે કા તો મેહેત્ર અદરાઈએલ પેદા કીધાં છે. (૧), બીજે કતરેકા તો મેહેત્ર અજાઝીલ પેદા કીધા છે. (૨), પછી વળી કતરા બેઊ અમારા નુરના જમણા કાન મુબારકમાંથી પડ્યા છે. તે માંહથી પેલે કતરેકા તો અર્સ પેદા કીધા છે. (૧) બીજો કતરેકાતો કુર્શી પેદા કીધાં છે. (૨) પછી વળી કતરા બેઉ અમારા નુરના ડાબા કાન મુબારક માંહેથી પડ્યા છે. તે માંહેથી પેલે કતરેકા તો લોહ પેદા કીધા છે. (૧), બીજે કતરેકા તો કલમ પેદા કીધા છે. (૨), પછી વળી કતરા આઠ અમારા નુરના જમણા નાક મુબારક માંહેથી પડ્યા છે તેમાંથી આઠ ભેસ્ત પેદા કીધા છે. પછી વળી કતરા આઠ અમારા નુરના ડાબા નાક મુબારકમાંથી પડ્યા છે. તેમાંથી સાત કતરાના સાત દોજખ પેદા કીધા છે. ને આઠમાં કતરાનો શેતાન ઈબ્લીસ પેદા કીધો છે. તે દોજખને દરવાજે બેઠો છે. ત્યાર પછી કતરા સાત અમારા નુરના જમણા ગાલ મુબારકમાંથી પડ્યા છે. તે માંહેથી સાત જમીનના તબાક પેદા કીધા છે. પછી વળી કતરા સાત અમારા નુરના ડાબા ગાલ મુબારક માંહેથી પડ્યા છે. તેમાંથી સાત આસમાનના તબાક પેદા કીધાં છે. પછી વળી કતરાકેતા એક લાખ અમારા નુરના દાંત મુબારક માંહેથી પડ્યા છે. તેમાંથી કેતા એક લાખ તારા પેદા કીધા છે.

પછી વળી કતરા ચાર અમારા નુરના જીભ મુબારકમાંથી પડ્યા છે.

તેમાંથી ચાર વેદ ને ચાર કિતાબ પેદા કીધા છે. પછી વળી કતરા અડસઠ અમારા નૂરના જમણા પંજા મુબારકમાંથી પડ્યા છે. તેમાંથી અડસઠ તીર્થ પેદાં કીધા છે. (૬૮), પછી વળી કતરો એક અમારા નૂરના જમણા ખભા મુબારકમાંથી પડયો છે. તેમાંથી રહેણી પેદા કીધી છે. પછી વળી કતરો એક અમારા નુરના, ડાબા ખભા મુબારકમાંથી પડ્યો છે. તેમાંથી દિવસ પેદા કીધો છે. પછી વળી કતરો એક અમારા નુરની જમણી બાજુ મુબારકમાંથી પડ્યો છે. તેમાંથી ચંદ્રમા પેદા કીધો છે. પછી વળી કતરો એક અમારા નુરની ડાબી બાજુ મુબારકમાંથી પડ્યો છે. તેમાંથી સૂરજ પેદા કીધો છે. પછી વળી કતરા દસ અમારા નુરના જમણા હાથ મુબારકમાંથી પડયા છે. તેમાંથી પેલે કતરેકા તો નુરીવાએ વાદલસર સુર પેદા કીધી છે. (૧), બીજે કતરેકા તો વાએ તોફાન અરઅર પેદા કીધા છે. (૨), ત્રીજા કતરે કા તો ગજણ રજા દીલ પેદા કીધા છે. (૩) ચોથા કંતરે કા તો વિજળી ચમકાર પેદા કીધો છે. (૪), પાંચમે કતરે કા તો રૂવેલ મકદસ સુર અસરાફેલની ધંમણ, તેત્રીસ હજાર જોજન સુધી લાંબી એવી સુર પેદા કીધી છે. (૫), છઠ્ઠે કતરે કા તો સીલવંતા હુરા પેદા કીધી છે. (૬), સાતમે કતરેકા તો અમરાપુરીમાં નુરાણી કુંવર પેદા કીધો છે. (૭), આઠમે કતરેકા તો સજરતુલ મુનતેહા ઝાડ પેદા કીધાં છે. (૮), નવમે કતરે કા તો ઝાડ તોફાન પેદા કીધાં છે. (૯), દસમે કતરે કા તો અઢારભાર વનસ્પતિ મેવાદાર ઝાડ ભાતભાતના પેદા કીધાં છે. (૧૦),

પછી વળી કતરા દસ અમારા નુરના ડાબા હાથ મુબારકમાંથી પડ્યા છે. તેમાંથી પેલે કતરેકા સરાબત હુરાં પેદા કીધાં છે. (૧) બીજે કતરેકા તો સેતનો દરિયાવ પેદા કીધો છે. (૨), ત્રીજે કતરેકા તો દુધનો દરિયાવ પેદા કીધો છે. (૩), ચોથે કતરેકા તો હોજે કોસર પેદા કીધા છે. (૪), પાંચમે કતરેકા તો દુનિયામાં જેટલું દુધ તે સર્વે પેદા કીધું છે. (૫), છઠ્ઠે કતરેકા તો ફુલ ભાતભાતનાં પેદા કીધા છે. (૬), સાતમે કતરેકા તો એક લાખને ચાલીસ હજાર નદીઓ પેદા કીધી છે. (૭), આઠમે કતરેકા તો ભેસ્તનાં લુગડાં

ખાનખાનનાં પેદા કીધા છે. (૮), નવમે કતરે કા તો ખસબોઈ (અનત) ખાનખાનની પેદા કીધી છે. (૯), દસમે કતરે કા તો દુનિયાનાં ફુગતાં ખાનખાનનાં પેદા કીધા છે. (૧૦),

પછી વળી કતરા દસ અમારા નુરના બેઉ હાથની દસે આંગળીઓ મુબારકમાંથી પડ્યા છે. તેમાંથી પહેલે કતરે કા તો કંચન પેદા કીધા છે. (૧), બીજે કતરે કા તો નરકાન પેદા કીધા છે. (૨), ત્રીજે કતરે કા તો મુરાદ અંગુઠી, ખતમ સુલેમાન પયગંબર અલયહીસ્સલામની પેદા કીધી છે. (૩), ચોથે કતરે કા તો ઈઆં મેહેત્ર મુસા પયગંબર કે આશા પેદા કીધા છે. તે આદમ થકી સાહેબને પોચ્યા છે, સાહેબને થકી મેહેત્ર મુસાને પોચ્યા છે. (૪), પાંચમે કતરે કા તો દુમ્બો કુરબાની ઈસ્માઈલ પયગંબર કે વાસતે ખુદાતાલાએ બેસ્ત થકી મોકલ્યો હતો, તે પેદા કીધો છે. (૫), છઠ્ઠે કતરે કા તો ઊંટડી સુલેમાન પયગંબર અલયહીસ્સલામની પેદા કીધી છે. (૬), સાતમે કતરે કા તો ઘોડાની જાત પેદા કીધી છે. (૭), આઠમે કતરે કા તો ઊંટની જાત પેદા કીધી છે. (૮), નવમે કતરે કા તો કુંજરની જાત પેદા કીધી છે. (૯), દસમે કતરે કા તો ચોપગ, પંખીની જાત પેદા કીધી છે, જીવ જનાવર નાના મોટા સર્વે પેદા કીધા છે. (૧૦),

પછી વળી કતરા દસ અમારા નુરના સીના મુબારકમાંથી પડ્યા છે, તેમાંથી પહેલે કતરે કા તો આશિક લોક પેદા કીધાં છે. (૧), બીજે કતરે કા તો પરેજગાર લોક પેદા કીધાં છે. (૨), ત્રીજે કતરે કા તો મુસ્તકીમ લોક પેદા કીધાં છે. (૩), ચોથે કતરે કા તો ફકર લોક પેદા કીધા છે. (૪), પાંચમે કતરે કા તો આલીમ લોક પેદા કીધાં છે. (૫), છઠ્ઠે કતરે કા તો સખી લોક પેદા કીધાં છે. (૬), સાતમે કતરે કા તો નેકબખત લોક પેદા કીધાં છે. (૭), આઠમે કતરે કા તો હાજી લોક પેદા કીધાં છે. (૮), નવમે કતરે કા તો ઓલીયા લોક પેદા કીધાં છે. (૯), દસમે કતરે કા તો મુમન લોક પેદા કીધાં છે. (૧૦),

પછી વળી કતરા દસ અમારા નુરના વજુદ મુબારક માંહેથી પડ્યા છે.,

પહેલે કતરે કા તો નેકનામ લોક પેદા કીધા છે. (૧), બીજે કતરે કા તો સબુર લોક પેદા કીધા છે. (૨), ત્રીજે કતરે કા તો સુલેમાન લોક પેદા કીધા છે. (૩), ચોથે કતરે કા તો સાચા લોક પેદા કીધા છે. (૪), પાંચમે કતરે કા તો સાહેબ ની રજાના રાજીલોક પેદા કીધા છે. (૫), છઠ્ઠે કતરે કા તો મોખલસ લોક પેદા કીધા છે. (૬), સાતમે કતરે કા તો હાફીઝ લોક પેદા કીધા છે. (૭), આઠમે કતરે કા તો મુસદક લોક પેદા કીધા છે. (૮), નવમે કતરે કા તો જીકર લોક પેદા કીધા છે. (૯), દસમે કતરે કા તો નુરી બુરાખ નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો પેદા કીધો છે. (૧૦),

પછી વળી કતરા દસ અમારા નુરના બે હોઠ મુબારક માંહેથી પડ્યા છે. તે માંથી પહેલે કતરે કા તો સુખડ પેદા કીધાં છે. (૧), બીજે કતરે કા તો મુશ્ક પેદા કીધાં છે. (૨), ત્રીજે કતરે કા તો અંબર ભેસ્તની પેદા કીધી છે. (૩), ચોથે કતરે કા તો અંબર દુનિયાની પેદા કીધી છે. (૪), પાંચમે કતરે કા તો કપુર પેદા કીધાં છે. (૫), છઠ્ઠે કતરે કા તો જાફરાન પેદા કીધાં છે. (૬), સાતમે કતરે કા તો મુરઝાંન પેદા કીધાં છે. (૭), આઠમે કતરે કા તો ઝવેર પેદા કીધાં છે. (૮), નવમે કતરે કા તો લાલ પેદા કીધાં છે. (૯), દસમે કતરે કા તો પાનાં નીલમ પેદા કીધાં છે. (૧૦), એટલી ઉત્પન્ન સર્વે નબી સાહેબના તન મુબારક માંહેથી ખુદાતાલા એ પેદા કીધી છે.

આહો મહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ, ખુદાતાલાના વહી, ત્યાર પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે. તેમાં કલમને હુકમ થયો છે. અને વળી કહ્યું છે. જે આહો કલમ તમે પોતાના દિલજાનથી લખો, ત્યારે કલમે કહ્યું છે જે ઓહો પાક પરવરદીગાર અમે શું લખીએ, ત્યારે ખુદાતાલાએ ફરમાવ્યું છે જે, આહો કલમ તમે લખો અને વળી કહો જે હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો, ત્યારે કલમ તો લોહો ઉપર રવાના થયા છે. અને તાહાં સિત્તેર હજાર વરસ

સુધી લખ્યું છે. અને ત્યાં એ કહ્યું છે જે, હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો, એમ લખતાં લખતાં સિત્તેર હજાર વરસ થઈ ગયા છે, ત્યાર પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે, જે આહો કલમ તમે લખો અને વળી કહો જે, મોહંમદુર રસુલિલ્લાહે એ મોહંમદુર રસુલિલ્લાહ નું નામ, કલમે જ્યારે સાંભળ્યું છે, તે નામની હેબતસું કલમ તો વચમાંથી ફાટી ગયા છે, અને કલમ તો ઈલાહી શિજદામાં રહ્યાં છે. ત્યારે વળી એક હજાર વરસ સુધી માથું ખડ્યું છે, અને કલમે શિજદો કીધો છે, ત્યારે વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે જે આહો કલમ તમે સર ઉપાડો, ત્યારે કલમે પોતાનું માથું ઉપાડીને બારીકતાલાને કહ્યું છે જે, આહો પાક પરવરદીગાર એ નામ કેનું છે, આપ નામ બરાબર લખાવો છો, ત્યારે ખુદાતાલાએ ફરમાવ્યું છે. એ નામ તો મોહંમદુર રસુલિલ્લાહનું છે. એ નામ જો આપણે પેદા ના કરતા, તો સાત પાતાળ ને સાત આસ્માન તથા અરસ કુર્શી ને લોહો કલમ, પેદા ના કરતાં. જો એ નામ મહંમદનું પેદા ના કરતા, તો કસીએ જીવા જણસ પેદા ના કરતા, અને પોતાની ખુદાઈ પણ જાહેર ના કરતાં, તે માટે કલમ તમે લખો. અને વળી કહો જે, મહંમદુર રસુલિલ્લાહે, ત્યારે કલમ તો લોહો ઉપર રવાના થયા છે. અને સીતેર હજાર વર્ષ સુધી લખ્યું છે. અને તાંહા કહ્યું છે જે, મહંમદુર રસુલિલ્લાહે એમ લખતાં લખતાં સિત્તેર હજાર વરસ થઈ ગયાં છે. સિત્તેર હજાર વરસ પહેલાં ને સિત્તેર હજાર વરસ બીજાં એવા એક લાખ ને ચાલીસ હજાર વરસ થઈ ગયા છે. તારે કલમે કલમો લખીને તૈયાર કીધો છે. અને તાંહાં જમલે વીસ અક્ષરનો કલમો લખીને તૈયાર કીધો છે, અને તાંહાં કહ્યું છે કે, હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો મુહંમદુર રસુલિલ્લાહે. એવી રીતે કલમાની પેદાસ થઈ છે.

ત્યારે વળી કલમે પૂછ્યું છ જે, આહો પાક પરવર દિગાર કલમાની માંહે કેટલોક સવાબ કીધો છે, અને કવડા એક ફળ લખ્યા છે, જે એવડી કીંમત કરીને પોતાના મુખમાંથી કલમો લખાવો છો. ત્યારે વળી

ખુદાતાલાએ ફરમાવ્યું છે જે, આહો કલમ તમે સુણો તો તે કલમાનો તમારી આગળ તે વાતનું બ્યાન કરીએ. જે ભેસ્ત માંહે એક ઝાડ છે. એ ઝાડ ઉપર પંખી બેઠું છે, તે ઝાડનું નામ તો સજરતુલ મુનતેહા કહે છે, અને તે પંખીનું નામ તો અતલહેયાત કહે છે, તે જનાવર હરેક આદમી ઉપર ખુદાતાલાનું ફરજ બેસે છે. જે કોઈ બંદો ખુદાતાલાનો દુનિયા માંહે કલમો નબી સાહેબનો પડે છે, અને ત્યાં કહેશે જે, હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો મોહંમદુર રસુલિલ્લાહે ત્યારે તે પંખી ઉડીને હોજ કોસર માંહે નાહે છે. તે પંખી વળતું પાછુ જઈને ઝાડ ઉપર બેસે છે. તાહાં પંખી તો બેસીને પોતાની પાંખો ખંખેરે છે, તે પાંખો માંહેથી જેટલી પાણી બુંદ પડે છે, તે એક એક કી બુંદે એક એક કો ફિરસ્તો પેદા થાય છે. એટલા ફિરસ્તા સર્વે મળી ખુદાતાલાની આગળ જઈને, તે બંદાને વાસ્તે દોવા માગે છે, અને તાહાં ફિરસ્તા સર્વે મળીને કહે છે જે આહો પાક પરવર દીગાર જે કોઈ બંદો ખુદાતાલાનો દુનિયા માંહે કલમો નબી સાહેબનો પડે છે, અને વળી કહે છે જે હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો મોહંમદુર રસુલિલ્લાહે તે બંદાને તો ભેસ્ત નસીબ કરશે. અને વળી ખુદાતાલાના દિદાર થશે, તે કલમાની માંહે એવડો સવાબ કીધો છે, તાહાં એવડા ફળ લખ્યા છે, તે બાર વર્ષનો આદમી થાય છે. ત્યાર પછી ફરજ લેખાય છે, તે કલમાની માંહે એવડો સવાબ કીધો છે, તે માટે કલમ તમે સલામ કરો એ નામને, ત્યારે કલમે ઉઠીને સલામ કીધા છે, અને ત્યાં કહ્યું છે. જે, સલામ વાલેકમ જો નુરમહંમદના ત્યાં મહંમદને નુરે જવાબ દીધો નથી. ત્યારે વળી કલમે કહ્યું છે જે ખુદાતાલાના નામની દોસ્તીએ કરી, સલામનો જવાબ આપો તો વારૂ છે. ત્યાં નબી મહંમદને નુરે જવાબ દીધો છે, અને ત્યાં કહ્યું છે જે, વાલેકુમ સલામ જો કલમ ખુદાતાલાએ તુંને મોટાઈ દીધી છે અને વળી કહ્યું છે જે, રહેમત અલ્લાહે, વેહે બરકતહુ અને મોટાઈ તો કલમાની છે. ત્યારે વળી કલમે કહ્યું છે, જે સાત પાતાળ ને સાત આસ્માન તથા અરસ-કુર્શીને લોહો કલમ તે તો

અગીઆરા પેટ માંહે છે. તમે આપને એવડી મોટાઈથી પેદા કીધા છે. ત્યારે તમે એક લાખને ચાલીસ હજાર વરસ સુધી એ કલમો લખાવ્યો છો. તે કલમો પઢ્યા વિના જીવને મોક્ષ મુક્તિ થાસે નહીં, તે માટે એવા કલમાને કીયો બંદો પઢી શકશે, તારે વળી ખુદાતાલાએ ફરમાવ્યું છે જે, આહો કલમ તમે જે નામ મહંમદનું લખ્યું છે, તેને અમે આખર જમાના માંહે નબી પેદા કરીશું. તેને વળી અમે તો જાણ્યું છે જે નબી સાહેબની ઉંમતના લોકોની ઉંમર થોડી કરીશું. તેની ફીકર મોટી આશિષ એવી કિંમત આપીશું. જે એક લાખને ચાલીસ હજાર વાર દરરોજ એ કલમો પડશે અને તાહાં કહેશે જે હક્ક લાઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદુર રસુલિલ્લાહે, એવો કલમો જે કોઈ એકસોને ચાલીસ વાર દરરોજ સવારમાં પડશે. તે કલમો ત્યાં સહેસ્ત્ર ઘણેરો લખાશે. અમે એને ત્યાં એવડો સોહેલું કરી દેશું. અને તેનાથી ઘણેરૂ અમારા ફજલ કરમથી કલમો તૈયબનો પઢશે. અને ત્યાં કહેશે. જે, અવ્વલ કલમે તૈયબ દોયમ કલમે શહાદત અશહદો અન્ન, હક્ક લાઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદુર રસુલિલ્લાહે, વહદહુ અલ્લા શ્રી કુલ્લહુ સહેદવાન મહંમદીન અબ્દા અબ્દુ બેહદ વહે રસુલહુ એવો કલમો જે કોઈ પઢશે, તે કલમાનો અવાજ તો ભેસ્ત સુધી પહોંચશે, ત્યારે તે કલમાની કુંચી થકી આઠે ભેસ્તના દરવાજા ઉઘડશે, ત્યારે તે કહેશે જે, એવો કલમો કહેનારા જીવ ભેસ્ત માંહે આવે સહી, એવી ફિરસ્તા દુવા માગે છે.

આહો ભાઈ જીબ્રાઈલ અલયહીસ્સલામ ખુદા તાલાના વહી, ત્યાર પછી વળી ખુદા તાલાનું ફર્માન આવ્યું છે, એ નુર મારા એ દોસ્તાર મારા, એ હજરત હબીબ મારા એ મહંમદ માસુક મારા એ રસુલ મહેબુબ મારા, એ નુર મુતલક મારા, એ સતગોરજી, તમે મલેકુલ મોતને ઈલમ તોરીત પઢાવો, તારે હઝરત પેગંબર સલ્લે અલા વસલ્લમે ઈલમ તોરીત કિતાબ ફિરસ્તા અજરાઈલને પઢાવે છે, જે થકી ધરતી આસમાન થર રહ્યાં છે. અને ચંદ્રમા સુરજ ચાલે છે, ત્યાં જીવાજોતની ઉત્પત થાય છે, તેને બાજનામું કહે છે. એ બરકત સર્વે બાજનામાંની છે.

ત્યારે મહંમદ મુસ્તફાએ કહ્યું છે. જે કતરા ચાર અમારા નુરના શુભ્રા જુસ્સા મુબારક માંહેથી પડ્યા છે તેમાંથી પેલે કતરેકા તો વાએ પેદા કીધા છે. (૧) બીજે કતરે કા તો પાણી પેદા કીધા છે. (૨), ત્રીજે કતરે કા તો અગન પેદા કીધા છે. (૩), ચોથે કતરેકા તો ખાખ પેદા કીધા છે. (૪), એવા ચાર પદાર્થ પૃથ્વી માંહે પેદા કીધા છે આહો મહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ ખુદા તઆલાના વહી, ત્યાર પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે. એ નુર મારા, એ દોસ્તાર મારા, એ હઝરત હબીબ મારા, એ મહંમદ માશુક મારા, એ નુર મુતલક મારા, એ સતગોર બ્રહ્માજી, અમે તમારી મોહબ્બત માંહેથી ચાર ચીજ પેદા કીધી છે. તેમાંથી તમે કોઈ ચીજ ઉપર અખ્તીયાર ધરો છો. ત્યાર પછી તમને સર્વે પયગંબર ના સરદાર કરીશું એમ ખુદાતાલાનું ફર્માન આવ્યું છે. તેમાં ચાર ગુણના જવાબ લખ્યા છે.

પહેલા વાહે ગુણની વાત લખી છે આહો મહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ ખુદાતાલાની વહી, ત્યારે વળી હુકમ ઈલાહી, નુર મહંમદ મુસ્તફાના નુરી બુરાખ ઉપર સવાર થયા છે. તે સવાર થઈને વાએ ગુણ પાસે ગયા છે.

તાહાં જઈ મહંમદને નુરે કહ્યું છે જે, સલામ આલેકંમ રે વાએ, ત્યારે વાએ કહ્યુ છે જે, વાલેકુંમ સલામ, અને તું કોણ છે, ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, જેનો તું બંદો છે, તેના અમે નુર છીએ, પણ તુ કેનો બંદો છે રે વાએ, ત્યારે વાએ કહ્યુ છે જે, એક બંદો ખુદાતાલાનો તું છે, એમ એક બંદો ખુદાતાલાનો હું પણ છું, ત્યારે મહંમદને નુરે જોયું છે જે, વાએ તો પોતાના જોર માંહે જાય છે. અને મોટાઈ તથા તકબ્બુરાઈ કરે છે. ત્યારે મુહંમદને નુરે કહ્યુ છે જે, દુનિયા માંહે જઈને તું કેવું કામ કરીશ રે વાએ, ત્યારે વાએ કહ્યું છે જે કાંઈ મારા મન માંહે આવશે, તે કામ હું કરીશ. જો નુર મહંમદના ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે ના જોઈએ બંદાને, પોતાના મનમાન્યું કામ કરીશ. તોબા પડ રે

તું વાએ, તું જ માંહે એબ ઘણી છે, અને બંદાથી શું થાએ. સાહેબના હુકમ વિના જે કાંઈ સાહેબને ગમે તે કરે, બંદાનું કેવું ગજું છે રે વાએ. ત્યારે વાએ કહ્યું છે જે, મુજ માંહે કેવી એબ છે ? જો નુર મહંમદના ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, વાએ તું છુપો આવે છે ને છુપો જાય છે. તુ તો સૌની એબ જુએ છે, પણ તારી એબ કોઈ જોતું નથી, તું જ માંહે એવી એબ છે જે વાએ. ત્યારે વાએ કહ્યું છે જે તમે વણગુનેગાર છો જે અમને ગુનેગાર કરો છો, જો નુર મહંમદના. ત્યારે મહંમદને નુરે કહયું છે જે, અસબતર તોબા અલ્લા અમે તો બંદા સાહેબના ગુનેગાર છું. મુજ માંહે તો એબ ઘણી છે. વણગુનેગાર તો એક ખુદાતાલા છે, ત્યારે મહંમદના નુર ઉપર વાએ ઈમાન આણ્યું છે. ત્યારે મહંમદ મુસ્તુફાએ કહ્યું છે જે, કલમો તૈયબનો તુ પડ રે વાએ, ત્યારે વાએ કલમો કહ્યો છે જે અવલ કમલે તૈયબ, દોએમ કલમે શહાદત, અશહદો અને હક્ક લાઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદ રસુલિલ્લાહે વહેદહુ અલાહ શ્રી કુલહુ સહેદવાન મહંમદીન અબ્દા અબ્દુ બેહદ વહેર રસુલહુ -- એવો કલમો પઢીને મુમન દીનદાર થાય છે અને મહંમદના દીનમાં આવ્યા છે. ત્યારે વાએ પોતાના પીર મુર્શદ ગોર કબુલ કીધા છે, ત્યાં પોતે નબીની ઉંમત થઈને રહ્યા છે. પેલા વાએ ગુણની વાત સંપૂર્ણ છે.

લખીતંગ બીજો પાણી ગુણ (૨), આહો મેહેત્ર જીબ્રાઈલ અલયહી સલામ ત્યારે વળી હુકમ ઈલાહી નુર મહંમદ મુસ્તફાના નુરી બુરાખ ઉપર સવાર થયા છે, તે સવાર થઈને બીજા પાણી ગુણ પાસે ગયા છે. ત્યાં જઈ મહંમદને નુરે કહ્યું છે જે, સલામ આલેકુમ રે પાણી, ત્યારે પાણીએ કહ્યું છે જે, વાલેકુમ સલામ અને તુ કોણ છે ત્યારે મહંમદને નુરે કહ્યું છે, જેનો તું બંદો છે, તેના અમે નુર છીએ, પણ તું કોનો બંદો છે રે પાણી, ત્યારે પાણીએ કહ્યું છે જે, એક બંદો ખુદાતાલાનો તું છે. તેમ એક બંદો ખુદાતાલાનો હું પણ છું, ત્યારે મહંમદને નુરે જોયું છે જે, પાણી તો પોતાના જોરમાંહે જાય છે અને મોટાઈ તથા તકબ્બુરાઈ કરે છે. ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, દુનિયામાં

જઈને તું કેવું કામ કરીશ રે પાણી, ત્યારે પાણીએ કહ્યું છે જે, કાંઈ મારા મનમાં આવશે તે કામ હું કરીશ. જો નુર મહંમદના, ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, ના જોઈએ બંદાને પોતાનું મનમાન્યું કામ કરીશ. તોબા પઢ રે તું પાણી, તુજમાં એબ ઘણી છે. બંદાથી શું થાએ. સાહેબના હુકમ વિના, જે કાંઈ સાહેબને ગમે તે કરે. બંદાનું કેવું ગજુ છે રે પાણી, ત્યારે પાણીએ કહ્યું છે જે મુજ માંહે કેવી એબ છે ? જો નુર મહંમદના, ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, આહો પાણી તું પાક છે. પણ સારી ખલકનો મેલ તુજ માંહે ધોવાય છે તુંજને બાંધી રાખે છે, ત્યારે તુ ગંદુ થાએ છે. તે મેલ સાથે જીવ બંધાય છે, તુજ માંહે જીવ પડે છે, જેટલા બંદા સાહેબના ખુદા તાલાએ પેદા કીધા છે, તેટલા તુજ માંહે નાહે છે, નાપાકી ધોઈને પોતે પાક થાય છે. પછી તુજને સુરજ પાક કરે છે, સુરજની ગરમી થકી તુજ માંહે ફીણ થાય છે. ત્યારે વાએ ફીણને કાઢી નાખે છે, ત્યારે ખુદાતાલાની હીકમત જાહેર થાય છે. ત્યારે તું પાણી પાક થાય છે. તુજ માંહે એવી એબ છે રે પાણી ત્યારે પાણીએ કહ્યું છે જે તમે વણગુનેગાર છો જે, અમને ગુનેગાર કરો છો. જો નુર મહંમદના, ત્યારે મહંમદને નુર કહ્યું છે જે, અસબતર તોબા અલ્લાહ, અમે તો બંદા સાહેબના ગુનેગાર છું ભાઈ મુજ માંહે તો એબ ઘણી છે. વણગુનેગાર તો એક ખુદાતાલા છે.

ત્યારે મહંમદના નુર ઉપર પાણીએ ઈમાન આણ્યું છે, ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, કલમો તૈયબનો પડ રે પાણી, ત્યારે પાણીએ કલમો કહ્યો છે, અવ્વલ કલમે તૈયબ, દોએમ કલમે શહાદત, અશહદો અન હક્ક લાઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદ રસુલિલ્લાહે વહેદહુ અલા શ્રી કુલહુ સહેદવાન મહંમદીન અબ્દા અબ્દુ બેહદ વહેર રસુલહુ -- એવો કલમો પઢીને મુમન દીનદાર થાય છે. અને મહંમદના દીન માંહે આવ્યા છે. ત્યારે પાણીએ પોતાના પીર મુરસદ ગોર કબુલ કીધા છે, તાહાં પોતે નબીની ઉંમત થઈને રહ્યા છે, બીજા પાણી ગુણની વાત સંપૂર્ણ છે.

લખીતંગ ત્રીજો અગન ગુણ (૩) આહો મેહેત્ર જીબ્રાઈલ

અલયહીસ્સલામ, ખુદાતાલાના વહી. ત્યારે વળી હુકમ ઈલાહીનું નુરમહંમદ મુસ્તફાના નુરી બુરાખ ઉપર સવાર થયા છે. તે સવાર થઈને અગન ગુણ પાસે ગયા છે. ત્યાં જઈ મહંમદને નુરે કહ્યું છે જે સલામ આલેકંમ રે અગન, ત્યારે અગને કહ્યું છે જે, વાલેકુમ સલામ અને તું કોણ છે. ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, જેનો તું બંદો છે, તેના અમે નુર છીએ. પણ તું કોનો બંદો છે રે અગન, ત્યારે અગને કહ્યું છે જે, એક બંદો ખુદાતાલાનો તું છે તમે એક બંદો ખુદાતાલાનો હું પણ છું ત્યારે મહંમદને નુરે જોયું છે જે, અગન તો પોતાના જોર માંહે જાય છે, અને મોટાઈ તથા તકબ્બુરાઈ કરે છે. ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, દુનિયા માંહે જઈને તું કેવું કામ કરીશ રે અગન, ત્યારે અગને કહ્યું છે જે, કાંઈ મારા મન માંહે આવશે તે કામ કરીશ. જો નુર મહંમદના, ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, ના જોઈએ બંદાને પોતાના મનમાન્યું કામ કરીશ, તોબા પઢ રે તું અગન તુજ માંહે એબ ઘણી છે. બંદાથી શું થાએ સાહેબના હુકમ વિના, જે કાંઈ સાહેબને ગમે તે કરે. બંદાનું કેવું ગજુ છે રે અગન, ત્યારે અગને કહ્યું છે જે, મુજમાં કેવી એબ છે, જો નુર મહંમદના. ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે, જોર તારૂં વાએ થકી ચાલે છે. અને મોત તારૂં પાણી માંહે છે, તુજ માંહે એવી એબ છે રે અગન, ત્યારે અગને કહ્યું છે જે, તમે વણગુનેગાર છો જે અમને ગુનેગાર કરો છો. જો નુર મહંમદના ત્યારે મહંમદના નુરે કહ્યું છે જે અસબતર તોબા અલ્લાહ, અમે તો બંદા સાહેબના ગુનેગાર છું, ભાઈ મુજ માંહે તો એબ ઘણી છે. વણગુને તો એક ખુદાતાલા છે. તારે મહંમદના નુર ઉપર અગને ઈમાંન આણ્યું છે. ત્યારે મહંમદ મુસતફાએ કહ્યું છે જે, કલમો તૈયબનો તુ પઢ રે અગન. ત્યારે અગને કલમો કહ્યો છે, અવ્વલ કલમે તૈયબ, દોએમ કલમે શહાદત, અશહદો અન હક્ક લા ઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદ રસુલિલ્લાહે વહેદહુ અલાહ શ્રી કુલહુ સહેદવાન મહંમદીન અબ્દા અબ્દુ બેહદ વહેર રસુલહુ-- એવો કલમો પઢીને મુમન દીનદાર થયા છે. અને મહંમદના દીન માંહે આવ્યા છે. ત્યારે અગને પોતાના પીર મુરસદ ગોર

છે. ત્યારે પોતે નબીની ઉમત થઈને રહ્યા છે. ત્રીજા અગન ગુણની વાત સંપૂર્ણ છે.

લખીતંગ ચોથો ખાખ ગુણ (૪), આહો મેહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ, ત્યારે વળી હુકમ ઈલાહી, નુર મહંમદ મુસ્તફાના નુરી બુરાખ ઉપર સવાર થયા છે. તે સવાર થઈને ખાખ ગુણ પાસે ગયા છે. ત્યાં જઈ મહંમદને નુરે કહ્યું છે જે સલામ આલેકુમ રે ખાખ, ત્યારે ખાખે કહ્યું છે જે, વાલેકુમ સલામ, રહેમત અલ્લાહે, વેહે બરકાતહુ, હવે માલહુ, અને તમે કોણ છો. તારે મહંમદને નુરે કહ્યું છે જે, જેનો તું બંદો છે, તેના અમે નુર છીએ. પણ તું કોનો બંદો છે રે ખાખ, ત્યારે ખાખે કહ્યું છે જે, "હું તો બંદો ખુદાતાલાનો ઉંમત નબી સલ્લલ્લાએ વસલ્લમનો છું." નુર મહંમદના ત્યારે મહંમદના નુરે કહ્યું છે જે, ખાખ ગુણ તો ગરીબ છે, અતીમન નીઝાર છે તથા મુસ્તકીમ છે. ત્યારે મહંમદને નુરે કહ્યું છે જે દુનિયામાં જઈને તું કેવું કામ કરીશ રે ખાખ. ત્યારે ખાખે કહયું છે જે, મુજ માંહેથી તો કાંઈ ના થાએ. સાહેબનો હુકમ વિના, જે કાંઈ સાહેબને ગમે તે કરે બંદાનું ચેતવ્યું કાંઈ ના થાએ અમે તો બંદા ખાખ સાહેબના ગુનેગાર છું ભાઈ મુજમાં તો એબ ઘણી છે, ભાઈ વણગુનેગાર તો એક ખુદાતાલા છે. નબી કા નુર તો બરહક હય, જો નુર મહંમદના એવું નબી સાહેબ ઉપર ખાખે ઈમાન આણ્યું છે ત્યારે મહંમદના નુરે કહ્યું છે જે, કલમો તૈયબનો તુ પઢ રે ખાખ ત્યારે ખાખે કલમો કહ્યો છે, અવલ કલમે તૈયબ, દોએમ કલમે શહાદત, અશહદો અન હક્ક લાઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદ રસુલિલ્લાહે વહેદહુ અલા શ્રી કુલહુ સહેદવાન મહંમદીન અબ્દા અબ્દુ બેહદ વહેર રસુલહુ-- એવો કલમો પઢીને મુમન દીનદાર થયા છે. અને મહંમદના દીનમાંહે આવ્યા છે. ત્યારે ખાખે પોતાના પીર મુરસદ. ગોર કબુલ કીધા છે. ત્યાં પોતે નબીની ઉમત થઈને રહ્યા છે. ચોથા ખાખ ગુણની વાત સંપૂર્ણ છે.

ચાર ગુણની ફલપત લખી છે. આહો મેહેત્ર જીબ્રાઈલ

અલયહીસ્સલામ ખુદાતાલાના વહી, ત્યારે પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે નબી મહંમદ મુસ્તફાએ કહ્યું છે, એવા ચાર ગુણ માંહે સૃષ્ટિ બાંધી છે. એવા ચારે ગુણના જુદા જુદા પ્રકાર છે. તે સર્વે ગુણનાં જુજવાં લક્ષણ છે. તે માંહે ખાખ ગુણને દેખી મહંમદના નુર ઘણું રાજી ખુશહાલ થયા છે, તે ખાખ ગુણને તો તેડી કરી પોતાને ગળે લગાડ્યા છે, અને વળી મહંમદને નુરે કહ્યું છે જે, ખુદાતાલા તો જુવે છે, અને તે વળી જાણે છે એમ ખાખ ગુણને કબુલ કીધા છે, તે ખાખ ગુણને તો પોતાના કરીને રાખ્યા છે. જે કોઈ માનવી જાત છે. તેમાં ચાર ચીજ વગર કોઈ નથી. વાએ (૧) પાણી, (૨) અગન (૩) ખાખ, (૪) એવા ચારે ગુણના જવાબ વિચાર્યા છે. એમ ખુદાતાલા એ ફરમાવ્યું છે. તે નબી સાહેબ કહે છે. આહો મેહેત્ર જીબ્રાઈલ, અલયહીસ્સલામ, ખુદાતાલાના વહી, જે કોઈ આદમી માણસ અમે વાએ ગુણ માંહેથી સરજ્યા તથા પેદા કીધા છે, તે લોકો માંહે, બેઈમાની ઘણી હશે. તથા વળી મુકર હશે. (૧) જે કોઈ આદમી માણસ અમે પાણી ગુણમાંથી સરજ્યા, તથા પેદા કીધા છે. તે લોકો માંહે મસ્તાઈ ઘણી હશે. વળી તે તખર હશે. (૨), જે કોઈ આદમી માણસ અમે અગન ગુણ માંહેથી સરજ્યા તથા પેદા કીધા છે. તે લોકો માંહે જલાઈ ઘણી હશે. તથા વળી જાલીમ બેરહેમ હશે. (૩), જે કોઈ આદમી માણસ અમે ખાખ ગુણ માંહેથી સરજ્યા, તથા પેદા કીધા છે. તે લોકો માંહે ગરીબાઈ ઘણી હશે. અતિ મન નીઝાર હશે, તથા મુસ્તકીમ હશે. (૪), એમ ખુદાતાલાએ ફરમાવ્યુ છે જે ચાર ગુણ માંહેથી ચાર ચીજ પેદા કીધી છે, તે માંહેથી અમે ખાખ ગુણને તો અખ્તીયાર આપ્યો છે. તે ખાખ ગુણને તો અલ્લાજી એ કબુલ કીધા છે. તે એમ નબી મહંમદ મુસ્તુફાએ કહ્યું છે. આહો મેહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ ત્યારે પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે, તેમાં ચાર ગુણની ફલપત લખી છે. જે કોઈ આદમી માણસ અમે ખાખ ગુણ માંહેથી સરજ્યા તથા પેદા કીધા છે. તેને અમે ખાખ માંહે સોપીશું તથા ભેસ્ત માંહે જગ્યા દેશું. (૧), જે કોઈ આદમી માણસ અમે અગન ગુણ માંહથી સરજ્યા

તથા પેદા કીધા છે. તેને જો અમારા મન માંહે આવશે, તો ભસ્તમાં જગ્યા દેશું. નહીં તો અંગન માહે હલાખ કરીશુ. (૨), જે કોઈ આદમી માણસ અમે પાણી ગુણમાંથી સરજ્યા તથા પેદા કીધા છે, તેને જો અમારા મન માંહે આવશે, તો ભેસ્તમાં જગા દેશું. નહિ તો પાણીમાં હલાખ કરીશું. (૩) જે કોઈ આદમી માણસ અમે વાએ ગુણમાંથી સરજ્યા તથા પેદા કીધા છે. તેને જો અમારા મનમાંહે આવશે તો ભેસ્ત માંહે જગ્યા દેશું, નહીં તો વાએ માંહે હલાખ કરીશું. એમ ખુદાતાલાએ લખ્યું છે. (૪), આહો ભાઈ જીબ્રાઈલ અલયહીસ્સલામ, ત્યારે પછી વળી ખુદાતાલાનું ફર્માન આવ્યું છે. જે નુર મહંમદ મુસ્તુફાના તન મુબારક માંહેથી અમે સર્વે ખલક જીવા જન જણસ પેદા કીધી છે, તે ઉત્પત સરવે નબી સાહેબના તન મુબારક માંહેથી પેદા થઈ છે. આવો મેહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ ખુદાતાલાના વહી, વળી તેથી પણ આગળ નબી સાહેબના નુર થકી દાદા આદમને પોચ્યા છે. આદમ થકી સૈયદોને પોચ્યા છે, ત્યારે પછી કુરાન આયેત દુનિયામાં પરવર થયા છે, એમ ખુદાતાલાએ ફરમાવ્યું છે, જે મસ્તક મુબારક મહંમદ મુસ્તુફાનું તે અમે ભેસ્તની બરકત માંહેથી પેદા કીધું છે. (૧), પેસાની મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તના ચંદ માંહેથી પેદા કીધી છે. (૨), આંખો મુબારક મહંમદ મુસ્તુફાની, તે અમે ભેસ્તના હૈયા માંહેથી પેદા કીધી છે. (૩), રૂહ મુબારક મહંમદ મુસ્તુફાના તે અમે ભેસ્તના તેજ માંહેથી પેદા કીધા છે. (૪), કાન બેઉ મુબારક મહંમદ મુસ્તુફાના તે અમે ભેસ્તના અલેફ માંહેથી પેદા કીધી છે. (૫), નાક મુબારક મહંમદ મુસ્તુફાના તે અમે ભેસ્તના અંબર માંહેથી પેદા કીધા છે. (૬), મુખ મુબારક મહંમદ મુસ્તુફાનું તે અમે ભેસ્તની જોત માંહેથી પેદા કીધા છે. (૭), હોઠ મુબારક મહંમદ મુસ્તુફાની, તે અમે ભેસ્તના તસબીહ માંહેથી પેદા કીધા છે. (૮), જીભ મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તના જીકર માંહેથી પેદા કીધા છે. (૯), દાંત મુબારક મહંમદ મુસ્તુફાના તે અમે ભેસ્તના નુર દાવણ માંહેથી પેદા કીધા છે. (૧૦),

https://archive.org/details/bk1135/page/n30/mode/1up

ગાળું મુબારક મહંમદ મુસ્તુફાનું તે અમે ભેસ્તના મધ માંહેથી પેદા કીધું છે. (૧૧), આંખા, બેઉ મુબારક મહંમદ મુસ્તુફાના તે અમે ભેસ્તના ચંદ માંહેથી પેદા કીધા છે. (૧૨), બાજુ બેઉ મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તની કોલન માંહેથી પેદા કીધા છે. (૧૩), હાથ બેઉ મુબારક મહંમદ મુસ્તુફાના તે અમે ભેસ્તની અખાવન માંહેથી પેદા કીધા છે. (૧૪), હૈયું મુબારક મહંમદ મુસ્તુફાનું તે અમે ભેસ્તની જાફરાન માંહેથી પેદા કીધા છે. (૧૫), આંતરડીઉ મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તની સંતોક માંહેથી પેદા કીધા છે. (૧૬), હરદો મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તની સબુરી માંહેથી પેદા કીધા છે. (૧૭), હાડ મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તના, કપુર માંહેથી પેદા કીધા છે. (૧૮), પગ બેઉ મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તની બંદગી માંહેથી પેદા કીધા છે. (૧૯), રૂમરાએ મુબારક મહંમદ મુસ્તુફાની તે અમે ભેસ્તના ફુલ વાસ માંહેથી પેદા કીધા છે. (૨૦), એમ ખુદાતાલાએ ફરમાવ્યું છે.

આહો મેહેત્ર જીબ્રાઈલ અલયહીસ્સલામ ખુદાતાલાના વહી. એ તારીફ સર્વે નુર મહંમદ મુસ્તુફાની કીધી છે. ત્યારે એવી નબી સાહેબની તારીફ સાંભળીને મેહેત્ર જીબ્રાઈલ, પોતાના દિલજાનથી કલમો તૈયબનો પડ્યા છે. અને તાહાં કહ્યું છે જે, અવલ કલમે તૈયબ, દોએમ કલમે શહાદત, અશહદો અન હક્ક લાઈલાહા ઈલ્લિલ્લાહો મહંમદ રસુલીલ્લાહે વહેદહુ અલાહ શ્રી કુલહુ સહેદવાન મહંમદીન અબ્દા અબ્દુ બેહદ વહેર રસુલહુ-- એવો શુધ્ધ કલમો પઢીને સદક આણ્યું છે તે નબી ગોર ઈમામે કહ્યું છે, એવો શુધ્ધ કલમો પઢીને મરદ તથા ઓરત ઈમાન સાબુત રાખશે, તે જીવ તો ભેસ્તી હોસે, ત્યાં અમર લીલા ભોગવશે, એવી નુરનામાની હકીકત તમામ શુધ્ધ સંપૂર્ણ છે. જે કોઈ ભણે સાંભળે, નર કે નાર તે ફરી નહીં અવતરે આવાગમન યુગ સંસાર એ નુરનામું વાંચે ત્યા સાંભળે તે ગત જમાતકું સલામ છે. મહેજદ મહેરાજ કું સલામ છે, બાઈ માવડી કું સલામ છે, નુરનામું

સંપૂર્ણ છે સહી. નુરનામાના હરફ નવશે નવાણું ઉતારી કાઢ્યા છે. (૯૯૯)

હકક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

ફ. દુવા બાજુની બાજનામું લખ્યું છે.

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

નાદેઅલીયન મઝરૂલ અજાએબ તજદહુ ઔવનલકા ફિન્નવાએબે. કુલ્લો હમ્મીવ વગમ્મીન સયંનજલી બ કુદરતે કા યા અલ્લાહ, યા અલ્લાહ, યા અલ્લાહ બ નબુવતેકા યા મોહંમદ, યા મોહંમદ, યા મોહંમદ બ વિલાયતેકા યા અલી, યા અલી, યા અલી, યા દાફી, યા માફી, યા સાફી, યા કાફી, યા શાફેઉલ, અઝીમ, યા મન્નું, યા જન્નું, યા સુબહાનું યા સબહૈયમનું, યા અમીરૂલ મોમેંનીન, યા જલીલ, યા જલ જલીલ, યા રબ તુહી, ખુદાવન્દા, ગુનાહ કરદમોદુર, હર બલાએ રદ બાશદ, યા અમીરૂલ મોંમીની, યા અલીયુન યા વલીયુન અના મદિનતુલ ઈલ્મેવ અલીયુન બોબેહા બેહ.

સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ રબ્બીલ અરસીલ અઝીમ
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ રબ્બીલ આલમીન
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ જબ્બારીલ મુતકબ્બોરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખાલેકીલ બારીઓ
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મુસવ્વેરીલ હકીમો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મુસવ્વેરીલ સાદિકો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હૈય્યુલ કૈય્યુમે
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ બઆદીલ મુબાદે
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વાએસો રૂતાલેફીન
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ અલીઉલ કબીરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કાદેરૂલ વાએદો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હમીંદુલ મજીદો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ અવ્વલુલ આખેરો

સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ બાતેનુઝ ઝાહેરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કાદેરૂલ કફુરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ અઝીમુસ સત્તારો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કાદેરૂસ સમદો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ જકીલુલ કફીલો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હકીમુલ કરીબો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ માલેકીલ કરીમો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મુતઆલુલ હક્કો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ બાએસુલ વાએસો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ બઆકીમુદદ દાએમો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કરીબુલ મોજુદો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મન્નાંનીલ માબુદે
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હન્નાનીલ મન્નાનો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ગનીઉલ મોજીઝે
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ રજાફીર રઉફો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હન્નાનીલ મુસ્તઆંનો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હબીબુસ સુલ્તાંનો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વકિલુલ કફીલો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કાદેરૂલ મુક્તદેરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હૈય્યુલ મુંજીબો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ અલ્લાહો મુલકરીમો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ સત્તારીલ ઓયુબે
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વહાબુર રફીઓ
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કબીરૂલ મુતઆલી
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ સાદેકુલ વાએદો

સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ નૈયબુત નાહેરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વકિલુલ વહેસરો લહુદીન
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હય્યુલ બકીઓ
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વલીઉન નાસેરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ સમીઊલ બસીરો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ કવીયુલ આતમાંમો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મેહેજોરૂત તાઅજૂબો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મોમેનુલ મોહયમેનો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હબીબુલ હમીંદો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ મઅબોદુલ મજીદો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ તબીબુલ વહ્હાબો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ ફાદેલીન
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ નાસેરીના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ હાકેમીના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ ખાલેકીના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ મુતઆબેદીના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ નાતોનીના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ અહેરખાના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ ખયરૂલ તાહેરીના
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ હાઉલાએ ફીજુલ ફીલ્લાહ
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વલીઉલ કરીમો
સુબ્હાનહુ કે તઆલાહુ અલ્લાહ વેહદહુ લાશરીકો

સુબ્હાને કા તઆલાહુ વહોવાઅલ હમ્દો લીલ્લાહે, વલમ યુહા ઐયાકા વલ કાદેરો હય્યુલ બાતેનો, યા મનેવાતો, હય્યુલ લાયમુતો બેયદેકલ ખયર ઈન્નકા અલા કુલ્લો શયઈન કદીર, બકાજુલ ઝલાલે એયુલ

ફન્નાએ હરીકુલ કાદરો કુલ જાહરો, વહોવા કુલજનુંહર ફલા અલ્લા ખેરહી, ઝુલક રીમા, ઈમાનુંલ્લાહ અલ્લાહેય્યો વતરજોકો, મનતશાએ બે ગયરે હીસાબ, અબરેદો બાકિહેય્યો અસતોહયમના વાવેતાહોવા અંજલીના અલ્લા કુરઆનીલ મુસ્તકીમ વ આજલો કુલ કિતાબ યા બાકેરૂહા યા કાદેરૂલ્લા, મુતકીના, વ બલાયા મુજલ્લાહા, અબુહુલ્લાહો, અલ્લા હૈયુલ્લાહો અલ્લા હૈ યુમ કયુંમે વ બલાયા મુજલીના, સને તાસીના વ યાસીના, વલ કુરઆનીલ હકીમ, વલેકુલ કલેમાહા વ મૈય્યસાઓ, તહીય્યાતો, ઈમામ તૈય્યબાતો માતરા બાકિઉલ જન્નુના વ ઈન્નલ્લાહ, અઝરૂન કવાકેબા યા સમીઉલ્લાહો સતરહુલ્લાયકી, હમતીલ વ હાબો કુલ શાહેદીના હક્ક તવરાતા વ જબુરાના વ ઈન્જીલા વ કુરઆનીલ અજીમે વ હાબાકુલ, હુજ્જેતના હુકમઅલ્લાહો અજમઈન અલાવ બલાયા યા કાદેર હું યા વાહેદહુ વજલ, જલાલહુ વજઅલો અલા તઆમુન બહરૈ ના હમીદના, હમદહુ કાલાઅકુવા / હનુસાઅદના માફઉવા યા અલ્લાહ યા નાસેરો ઈન્ના, વ ગેઈવાબલાહો કુલ બનીયા વહેલાનો જમાનહું હરૂ માહાલઓ માસુમ હા, હેબુલમાના અનુઅલ્લાહો, મુલલઝીના યા શાફેઉલ અઝીમ, વાએઝીના હમ્મુમો જન્નુના સલામુન અલ્લાનુહુન ફિલ આલમીન તાફીલના અલ્લાહ આફીલના રોજુલા મુસા નાફેઅ લતા અલ્લા અમ્મે રસુલા હુમાઈના અલ્લા અસુરાના મસલોકા, અવલાએહુ અલ્લાહો બમીનુઅલ્લાહ ઈમાંના, યા સુબ્હાના અબુ હુરેના વમા કુન્નાલના અનારી યતીમોકીબ સુલ્તાંનલ્લાહ, બ નલ હુન્ના એક સમુ લાઉલેતા લેમાંના, અઝીમા, અલ લઝીના જેઆલા કવલે કુરઆના, કેતાબુલ અઝીમા, ફવારે કુલ નાલા હમીના, અઝીમોહા રીદવાનુ અલ્લાહો, તઆલા અલયહિમ અજમેઈન. કુરઆના જઅલના બરીના,

કુરઆનાંયા અલી, યા રસુલીલ્લાહે મુસ્લેમીના અલ્લાહો અલહમ્દો, લીલ્લાહે, રબ્બીલ આલમીન, અલ્લાહો અલ્લા આબેદીન તાજેબીના, મુસાવદના હેય્યુલ કમાલે, કુલહુ વલાહો, કુરઆના કુલીલ્લા, હુમ્મા યા રફુ હાઉલાએ, રદકુલ બલાએ, અમાયા ખમાહા, અલ્લા અબદહું, કીલના બીલના વ આયતેહુ ફી બની ઈસરાઈલવ ઈય્યાકુલ કફીયા, વ ઈય્યાના અકુલ્લાહોઝીના કિતાબા કુરઆની હો, અલ્લા કવલેહી, અલ્લા ખયરે ખલકેહી, અલ્લાહો અઝીમા, વત હેરાતો વલ મેહેરાજો, બે રહમેતેકા, યા અરહમરરાહેમીન યા અલ્લાહ નુરૂસ સમાવાતે વલઅર્દે યા કરીમો, યા રહીમો યા અલીયુલ અઝીમો.

હક્ક લાહેલાહ ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૭. દુવા રતન નામાની છે.

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

રંજ યા શાહ મનાઈ, સંગ રહો યા સાંઈયા, યા સલાયુન્નાસ, યા દોઆ ઉન્નાસ, યા સખી યા શાહ, યા તો શાહ તું, યા તો માહ તું, યા શાહ તુમ અલી, દુના નહિ યા શાહો શાહ, દિમાગ યા શાહસે હુવા એ હસન એ હુસેન, શાહ સે હુવા, યા રતન, યા રતન યા રતન.

હક્ક લાહેલાહ ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૮. અલીની અરજી

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

યા શાહઅલી (૧), શેર અલી (૨), શાહદાન અલી (૩), મરદાન અલી (૪), પંજા અલી (૫), આખર અલી (૬), અવ્વલ અલી (૭), આગે અલી (૮), આધારે અલી (૯), ઓધારે અલી (૧૦), અનાયાસે આવે અલી (૧૧), આચારે અલી (૧૨), ઓછી નજરે ભાગે અલી (૧૩), આભારે અલી (૧૪), અજીમ અલી (૧૫), અજર ટલે ત્યાં આવે અલી (૧૬), અઢારે અલીકા વાસ (૧૭), અઢારે વર્ણમાં વાંપિક અલી (૧૮), કોઈ ના

જાણે અલીકી ગલી (૧૯), આણ ચલે ત્યાં આવે અલી (૨૦), આતન અલી (૨૧), અર્થે અલી (૨૨), આપે અલી (૨૩), સાફી અલી (૨૪), અક્ષર અલી (૨૫), અમ્મર અલી (૨૬), આહારે અલી (૨૭), આલે અલી (૨૮), આવે અલી (૨૯), અહેશાને આવે અલી (૩૦), હયાએ અલી, (૩૧), અસીવે અલી (૩૨), વસીલેથી જાએ અલી (૩૩), ઉમ્મેદે અલી(૩૪), ઉજમે અલી (૩૫), કવેળ જ્ઞાન કથે સો અલી (૩૬), ખેવટ અલી (૩૭), ખબરદાર અલી (૩૮), ખભા ઠોકીને તારે અલી (૩૯), ક્ષમા કરે ત્યાં આવે અલી (૪૦), બડાઈથી નાસે અલી (૪૧), એક તો મેં અલી (૪૨), પરવસે અલી (૪૩), ક્રિયાએ અલી (૪૪), કશણીએ અલી (૪૫), હસણીએથી ખશે અલી (૪૬), યતીમ કે પાસે આવે અલી (૪૭), અર્થ લોભકુધાએ અલી (૪૮), ત્યાં નહિ આવે અલી (૪૯), આકારે અલી (૫૦), અલીકા જ્ઞાન બિચારો (૫૧), આખર અલી (૫૨), અલીકા ભેદપાવે (૫૩), તો આગે અલી (૫૪), અલીકી અરજી માંહે રેહવે એ ઘર અલી (૫૫), અલીકા આશન બુઝે, તો સબ કુચ્છ સુઝે(૫૬), બુઝ પડે તો સબ કુચ્છ પાવે (૫૭), દુઃખ દારીદ્ર ભાગકર જાવે (૫૮), અમ્મર જુઠ નીકાલ કર દેવે (૫૯), સાચકર બંદગી કીજીએ તો અમ્મર સુખડા પ્રેમે લીજીએ (૬૦), સુખડા હોવે સબ દુઃખ જાવે (૬૧), જો બુઝે આશન હી રાહ, તો પાવે અમર અલીશાહ (૬૨), પેહેલી કીલી હિકમતની કીજીએ (૬૩), એ અલી અમ્મદ ઘરમાં રહીજે (૬૪), દુજી કીલી દાવા દુર (૬૫), અમ્મર અલીકા વરસે નુર (૬૬), ત્રીજી કીલી તન, પાક સાફી (૬૭), જો અલી પાસે રહેમત માગી (૬૮), ચોથી કીલી એકે ચંતે (૬૯), પાંચમી કીલી પાંચ વાતો (૭૦), આશ રાખીને કીજે વિનંતી (૭૧), છઠ્ઠીના કોલ કરાર તે પાળો (૭૨), સાતમી કીલી દર્શન ધ્યાન (૭૩), જો અમ્મર અલીકા વિચારો જ્ઞાન (૭૪), જોઈએ આશન એક ઈમાન (૭૫), આશન અમ્મર કીજે વશ (૭૬), જો આશ રાખે તો પાસે છું. (૭૭), દુઃખ જાવે (૭૮), દારિદ્ર જાવે (૭૯), ભૂતકા ભિતર ભાનું (૮૦),

શયતાનકા શિર ઉડાંઉ (૮૧), વીરકું ખેદાન કરૂં (૮૨), મેલીકું મળ મુત્રમેં ડાલુ (૮૩), ચોકીકી ચોકી મેં જાણું (૮૪), ટુણા કરે ઉસે ઉભા બાળું (૮૫), બલતા રહેવે (૮૬), અમ્મર બલ્તા (૮૭), અમ્મર જલ્તા (૮૮), અમ્મર દોજખ (૮૯), અમ્મર ભોમ (૯૦), ભેરવકે આગે ભીંત ઉઠાઉં (૯૧), શીકોતરીકું સાંકલ પીનાઉં (૯૨), કુલ બલા જલકર ભસ્મ હોવે (૯૩), સબકી અરજી અલીકી આણ (૯૪), સંભારો અરજી સબ દુઃખ ભાગું (૯૫), સંભારો અરજી ન હોવે જાન (૯૬), અરજી ઉપર લાવો ધ્યાન (૯૭), અરજી અલી એમ બોલ્યા બ્યાન (૯૮), જીવત અવતરિયાં ધ્યાન (૯૯), સંભારો અરજી અલી એક ઈમાન (૧૦૦), ઈમાનસે આવે અલીકા ભેદ પાવે (૧૦૧), એક વાર વાંચે તો ઈમાન રાખે (૧૦૨), બે વાર વાંચે તો કુલ દુઃખ ભાંગે (૧૦૩), ત્રણ વાર વાંચે તો કુલ બલા જાએ (૧૦૪), નિર્મલ હૃદય કરો તો અમ્મર થાએ (૧૦૫), અરજી અમારી (૧૦૬), કશણી તમારી (૧૦૭), રાખો જારી તો આવે અલી મુરારી (૧૦૮), જીતો અમરાપુરી સારી (૧૦૯), ઉઘડી બારી (૧૧૦), દોવા દુર કરારી (૧૧૧), ઈકોતેરસો પરીયા તારીયા (૧૧૨), માયા મોહને મારીયા (૧૧૩), પંચ ભુતને વારીયા (૧૧૪), કરજો અલીની યારી (૧૧૫), કરજો અલીની ઉવારી (૧૧૬), અલી વલી અલ્લાહ સાચા (૧૧૭), એક ખુદા તું. (૧૧૮),

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૯. ગજમુદ્રાનો ઈલ્મ લખો છે.

(શરીરની રક્ષા માટે)

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

ગજમુદ્રા સુબ્હાન અલ્લાહ કાઝીમ જલજલાલહુ વલેકરામ સિત્તેર સો કોઠાલોહ કાબાહ બારસે સિત્તેર પર સાહેબ ધની રખવાળ ખાલક તેરે દરબારમેં બ્રહ્મા નામ રસુલ જહાં માણસ નામ ઉમરના ભાનું કુલ નાદ નહીં. ભેદ નહીં, શબ્દ નહીં, ધરતી નહીં, આકાશ નહીં, દમ નહીં, ધમકાર

સુધી પઢીએ, તો સાહેબ આશાન કરે સહી. વળી કોઈની આંખો દુઃખતી હોય, અને રહી ન શકાય તો મોરનાં પીંછા લઈને ઝાડો નાંખીએ, અને એ દોવા દરરોજ સાતવાર પઢવી, તેવા દિન સાત ઉંજણી નાંખીએ તો સાહેબ આસાન કરે સહી, રતનનામાની ખાસીયેત સંપૂર્ણ છે.

૩૪. દુઆએ ગંજુલ અર્શની ખાસિયત લખી છે.

રિવાયત છે કે, એક દિવસ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મસ્જિદમાં બેઠા હતા કે અચાનક હઝરત જીબ્રાઈલ અલૈયહિસ્સલામ ત્યાં તશરીફ લઈ આવ્યાં, અને આ દુવા આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તાલીમ ફરમાવી. અને તેની બેહદ બરકતો અને ફઝીલતો બયાન કરી, પઢવાવાળાઓને તુલે અસ્નાદ (લંબાણપૂર્વક)થી તકલીફ થાય છે, અને સમય પણ વધારે લાગતો હોવાથી આ દુવાને મુખ્તસર કરી, પઢવાવાળાઓને હુસ્ને અકીદત (સુઅકીદત), અને અલ્લાહની મોહબ્બત ઉપર છોડી દેવામાં આવે છે. પ્રસાદી રૂપે થોડુંક લખવામાં આવે છે. હઝરત જીબ્રાઈલ અલૈયહિસ્સલામે તે બધાજ ફઝાઈલ ઉપરાંત એ પણ ફરમાવ્યું કે, આ દુવાએ મુબારક પઢવાવાળાને ખુદાતાઆલા ત્રણ ચીજો અતા ફરમાવશે. (૧) એની રોઝીમાં બરકત થશે, (૨), ગૈબથી રોઝી મળશે, (૩) તેના દુશ્મન લાચાર અને ઝલીલ રહેશે.

અને જો કોઈ આ દુવાએ પઢતો રહેશે. અથવા પોતાની પાસે રાખશે, તો અલ્લાહ તઆલા તેની ઉપર પ્રત્યેક પળે પોતાની રહેમત નાજિલ ફર્માવશે. જંગના મેદાનમાં કાફિરોના મુકાબલામાં વિજય ફતેહ મેળવશે, અને સફરથી ખેરો સાથે, માલે ગનીમતની સાથે ઘેર પાછો આવશે.

આ દુવાની બરકતથી જાદુ અને શયતાની શરારત તથા તમામ બલાઓથી, જે જમીનથી નીકળવાવાળી યા આસ્માનથી ઉતરવાવાળી હોય તેનાથી રક્ષિત રહેશે.

પ્રથમ વરસાદના પાણીથી આ દુવાને ધોઈને જેના ઉપર જાદુ કરવામાં આવ્યું હોય તેને પીવડાવવામાં આવે તો શિફા થશે. અને જો આ દુવાનું તાવીજ ધોઈને કોઈ એવા શખ્સને દરરોજ પીવડાવવામાં આવે જેની

બિમારીથી ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા હોય, ખુદાના ફઝલથી તેને ઘણી જલ્દી શિફા મળશે.

કોઈ બે ઔલાદને આ દુવાનું તાવીઝ મુશ્ક તથા કેશરથી લખી દરરોજ એકવીસ દિવસ સુધી, પીવડાવવામાં આવે તો ખુદાના ફઝલથી તે સાહેબને ઔલાદ થશે. તેની બરકતથી દરરોજ ખુદાના ફઝલથી એવો ઉચ્ચ દરજ્જો પામે કે બીજા લોકો પણ એ દરજ્જાની ઉમ્મીદ કરે. અને આ દુવાને પઢવાવાળો કદી રસ્તો નહિં ભૂલે.

રિવાયત છે કે, એક દિવસ એક કતલના કાબિલ મદિના મુનવ્વરાના હાકીમ-કાઝી પાસે કૈદી બનીને આવ્યો. કાઝીએ તેને કત્લ કરવાનો હુકમ આપી દીધો જલ્લાદે તેના ઉપર ત્રણ વાર તલવારથી વાર કર્યા પરંતુ એના ઉપર તલવારની કોઈ અસર ન થઈ, તેને પાણીમાં ડુબાડી દેવામાં આવ્યો, છતાં તે ન ડુબ્યો મતલબ કે દરેક પ્રકારની તબદીર તેને હલાક કરવા માટે અજમાવવામાં આવી પરંતુ બધી તબદીર બેકાર સાબિત થઈ. કાઝીએ આખરે મજબુર થઈ બચી થવાનું કારણ ગુનેગારને પુછ્યું ગુનેગારે જવાબમાં જણાવ્યું કે મારી પાસે દુવાએ ગંજુલ અર્શનું તાવીજ છે. તે દુવાની બરકતથી મને કોઈ પણ તકલીફ પહોંચતી નથી. કાઝીએ તેને છોડી મુકી ઈનામો ઈકરામથી નવાજ્યો. અને તેની પાસેથી દુવાએ ગંજુલ અર્શનું તાવીજ લઈ લીધું અને દરરોજ તેનો વિર્દ કરતો રહ્યો.

આ બુઝુર્ગ તરીન દુવાની કોઈ શું ખુબી બ્યાન કરી શકે છે. જો સાત આસમાન સાત જમીનના કાગળ બનાવવામાં આવે, તથા તમામ દુનિયાના મહાસાગરોની શાહી બનાવવામાં આવે, અને દુનિયાના તમામ ઝાડોની કલમ બનાવવામાં આવે, અને તમામ જમીન અને આસમનની મખ્લુક રોઝે અવલથી રોઝે આખિર સુધી આ દુવાની તારીફ ફઝીલત લખતા રહે, છતાં પણ આ દુવાની તારીફ ફઝીલત પુરી થાય એમ નથી. આના ઉપર શક કરનાર બદનસીબ છે.

૩૫. નુરની ખાસિયત લખી છે.

એક દિવસ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મદીના

મુનવ્વરાની મસ્જીદમાં તશરિફ ફરમા હતા. કે હઝરત જીબ્રાઈલ અલૈહિસ્સલામ આપની ખિદમતમાં હાજર થઈ અર્ઝ કરી યા રસુલલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ખુદા તઆલાએ આપના ઉપર સલામ મોકલ્યા છે. અને આપની ઉમ્મત માટે આ દુવાએ નુરનો તોહફો ઈનાયત ફરમાવ્યો છે. આ દુવા આગળની સાત (૭) ઉમ્મત માટે મોકલવામાં આવી ન હતી. પરંતુ આપની ઉમ્મત માટે બક્ષિશનો ઝરીઓ બનાવી આ દુવા મોકલવામાં આવી છે, જે કોઈ આ દુવાને પઢશે તેને એક હજાર શહિદો અને સીદીકોનો અને લોહો કલમ, અર્શ કુર્શી, સાત આસમાન જમીન અને આઠ જન્નતનો સવાબ અતા કરીશ.

આ દુવાને જો કોઈ શખ્સ પઢી શકતો ન હોય તો તે આ દુવા ને પોતાની નજરથી જુએ અથવા કોઈના પાસે પઢાવી. સાંભળે તો તેને હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, હજરત નુહ નજીયુલ્લાહ, હઝરત મુસા કલીમુલ્લાહ, હજરત ઈસા રૂહુલ્લાહ, હજરત જીબ્રાઈલ હજરત મીકાઈલ, હજરત ઈસરાફિલ અને હજરત ઈઝરાઈલ અલૈયહિસ્સલામનો સવાબ અતા ફર્માવીશ. અને યા મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ દુવા પઢવાવાળાને તથા તેના મા-બાપને બક્ષી આપીશ.

જે મકાનમાં આ દુવા હશે. એક હજાર મકાનો સુધી એની બરકત હશે, એ મકાનમાં આગ તથા તમામ આફતો - બલાઓથી રક્ષણ આપીશ. આ દુવા પઢનારને જન્નતુલ ફિરદોસમાં આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સાથે રાખીશ.

આ દુવા પઢવાવાળો જયારે મરી જશે તો જીબ્રાઈલ અલૈયહિસ્સલામ એક હજાર ફરિશ્તાઓ સાથે કયામત સુધી તેની પાસે રહેશે. યા મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જે કોઈ મુરદાના કફનમાં આ દુવા લખીને મુકી દેશે તો મુનકર - નકીરના સવાલ તે મુરદા ઉપર આસાન થઈ જશે.

આ દુવાને પઢવાવાળો અને પોતાની પાસે રાખવાવાળો રાહત આરામથી દુનિયામાં રહેશે. અને મરતી વેળાએ પોતાનું ઈમાન સલામત

લઈને મરશે. અને કયામતના દિવસે આ દુવા પઢનારનું મુખડું ચાંદની ની જેમ રોશન અને નુરાની હશે. એને જોઈ હશ્રની મખ્લુક કહેશે કે શાયદ-કદાચ આ કોઈ પેયગંબર યા વલી હશે. તો ગયબથી નિદા થશે કે આ નેક બંદો ઉમ્મતે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે અને આ મર્તબો એને દુવાએ નુર પઢવાથી હાંસલ થયો છે.

આ દુવા પઢનાર કર્ઝદાર ન રહેશે અને ન કોઈ બિમારીમાં સપડાશે. આ દુવાને પોતાની પાસે રાખવાવાળો બલા - ગમ અને ઝાલિમોના ઝુલમથી હંમેશા આઝાદ રહેશે અને મેદાને જંગમાં તેને ફતેહ મળશે, અલ્લાહ તઆલાના ફઝલો કરમથી બંદુક, તીર, તલવારનો વાર તેના ઉપર કોઈ પ્રકારની તકલીફ નહિ પહોંચાડી શકે. સફરથી સહિ સલામત પોતાના ઘેર પાછો આવે, હાકેમો સામે સુખદ (પ્રફુલ્લિત) રહેશે. આ દુવાની બરકતથી હક્ક તઆલાની નઝરે રહેમત તેના ઉપર રહેશે.

૩૯. અહદનામાની ખાસિયત લખી છે.

આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું છે જો કોઈ અહદનામાને પોતાની જીંદગીમાં એક વાર દુવા પઢશે. ખુદાએ ચાહ્યું તો મરતી વેળાએ ઈમાન નસીબ થશે અને તેના જન્નતની હોવાનો હું જામીન છું.

હઝરત અબુબકર (રદીયલ્લાહો તઆલા અન્હો) થી રિવાયત છે કે, મેં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સાંભળ્યું છે કે જે કોઈ આ અહદનામાને પોતાની પાસે રાખશે તેને સાપ - વિંછી થી અમનમાં રહેશે. (બચેલો રહેશે) અને જાદુ તેના ઉપર અસર નહિ કરે અને કોઈ બિમારને પાણીમાં ઘોળીને પીવડાવવામાં આવે શિફા મળે.

હઝરત ખાતુને જન્નત હઝરત ફાતેમા જોહેરા (રદીયલ્લાહો તઆલા અન્હો) ફરમાવે છે કે મેં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સાંભળ્યું છે કે, જો કોઈ આ અહદનામાને શફીઅ લાવે તો તેની હાજત પુરી થાય જો કોઈ અહદનામાને મુશ્ક ઝાફરાનથી લખી પાણીમાં ધોઈને પીએ તો તેની અકલ અને ફહેમ (બુધ્ધી)માં વધારો થાય અને જે કોઈ સાંભળે તે યાદ રહે.

અમીરૂલ મુઅમેનીન હઝરત અલી (રદીયલ્લાહો તઆલા અન્હો)

થી રિવાયત છે કે, મેં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સાંભળ્યું છે કે, જે કોઈ આ અહદનામાને પઢી તેનો સવાબ મુરદાને બક્ષી આપે તો તેની કબર પશ્ચિમથી પૂર્વ સુધી પહોળી પુરનુર હશે (કબરમાં નુર - નુર હશે.)

૩૭. આયતુલ કુર્સીની ખાસિયત લખી છે.

(૧) હદીસ શરીફમાં છે કે, આયતુલ કુર્સી કુરઆને મજીદની તમામ સુરતોની સરદાર છે. જે શખ્સ દરેક નમાજ પછી આયતુલ કુર્સી પડશે તો જન્નતના આઠ દરવાજાઓમાંથી ગમે તે દરવાજામાં થઈ જન્નતમાં દાખલ થઈ શકશે.

(૨) ઈમામ અબ્દુલ આસ (રહેમતુલ્લાહે અલૈહ) ફરમાવે છે. કે જે શખ્સ જુમ્માના દિવસે અસરની નમાજ પઢી એકાંતમાં બેસી આયતુલ કુર્સી સિત્તેર વાર પઢશે તો તે દિલમાં એક સારી કેફિયત પામશે. જો એ સમયે દુવા કરશે તો તેની દુવા કબુલ કરવામાં આવશે. અને સાથે એ પણ ફરમાવ્યું કે જે કોઈ જુમ્મા(શુક્રવાર) યા ગુરૂવારના દિવસે યા સોમવારના દિવસે (૩૧૩) ત્રણસો તેર વાર આયતુલ કુર્સી પઢશે તે બે હિસાબ ખુબીઓ મેળવશે.

(૩) શાહ કલીમુલ્લાહ જહાં આબાદી (રહેમતુલ્લાહે અલૈહે) ફરમાવે છે કે જે શખ્સ (૩૧૩) ત્રણસો તેર વાર આયતુલ કુર્સી પડશે તે ઘણા ફાયદા મેળવશે. આ આયતમાં મોટી અસર છે. કેમ કે અમ્બિયાએ મુરસલીન અસ્હાબે બદર અસ્હાબે તાલુતની ગણત્રી પણ આ પ્રમાણે જ હતી.

(૪) અબ્દુલ્લાહ બિન ઉમર (રદિયલ્લાહો તઆલા અન્હો) ફર્માવે છે કે, જે કોઈ દરેક નમાજ પછી આયતુલ કુર્શી પઢશે, તેની રૂહ, અલ્લાહ તઆલા જ કબ્જે કરશે ન કોઈ ફરિશ્તો.

૩૮. સુરએ અલહમ્દની ખાસિયત લખી છે.

સુરએ ફાતેહાની બુઝુર્ગી બેશુમાર છે. અહિંયા તેની થોડી બુઝુર્ગી બ્યાન કરવામાં આવે છે. હદીસોથી સાબિત છે કે તૌરત, ઈન્જીલ, ઝબુર અને કુરઆન શરીફમાં કોઈ સુરત એના બરાબર ઉતારવામાં નથી આવી. મતલબ જે બરકત અને સવાબ સૂરએ ફાતેહામાં છે તે બીજી કોઈ સુરતમાં નથી.

સૂરએ ફાતેહા કલામે પાકના ૨/૩ ભાગ બરાબર છે. એટલે જે કોઈ એકવાર સુરએ ફાતેહા પઢશે તો તેને ૨/૩ કલામે પાક, એટલે વીસ સીપારા પઢવાનો સવાબ મળે છે.

આ સુરતનું નામ સૂરએ શિફા પણ છે. આ સુરત મૌતના સિવાય દરેક બિમારી માટે શિફા આપનારી અને દરેક દર્દોની દવા છે. જે શખ્સ આ સુરતને કેટલીવાર પઢીને સુઈ જશે તો તે દરેક બલાથી મેહફૂઝ રહેશે અને મોતના સિવાય દરેક ચીજથી અમન મળશે. તાવના માટે હઝરત ઈમામ જાફર રદીયલ્લાહો તઆલા અન્હોથી મન્કુલ છે કે (૪૦) ચાલીસ વાર સૂરએ ફાતેહા પઢી પાણી ઉપર દમ કરી તે પાણી તાવવાળાનાં મ્હોં પર છાંટવામાં આવે તો ખુદાએ ચાહ્યું તો તાવ મટી જશે.

આંખના દર્દ માટે ફજરની સુન્નત અને ફજરની વચ્ચે સૂરએ ફાતેહા એકતાળીસવાર પઢી દમ કરવાથી આંખનું દર્દ દુર થઈ જશે. સૂરએ ફાતેહા બીજી બિમારીઓ માટે પણ મુફીદ છે, અમલ કરવાવાળો અને દર્દી બંને ખુશ એઅતેકાદ હોય.

રોઝી કમાવવા માટે પાછલી રાતમાં સૂરએ ફાતેહા એકતાલીસવાર પઢવાથી વગર મહેનતે રોઝી મળશે. અને પરવરદિગારે આલમને માટે રોઝીના દરવાજા ગૈબથી ખોલી આપશે.

જુની-પુરાણી બિમારી માટે ચીનીની રકાબીમાં ગુલાબ મુશ્ક અને જાફરાનથી આ સુરતને લખી ધોઈને પીવડાવવાથી ચાલીસ દિવસમાં આરામ થઈ જશે. ઈન્શાઅલ્લાહતઆલા.

સફરે જતી વખતે એકતાલીસ વાર સૂરએ ફાતેહા પઢી. પોતાને અને પોતાની અહલો અયાલને ખુદાની હિફાઝતમાં સોંપી સફરે જાય તો અલ્લાહ તઆલા તેને સફરમાં દરેક બલા આફતથી મેહફુઝ રાખી સહી સલામત ઘરે લાવશે.

અબુ સૈયદ બિન મુઅલ્લા બ્યાન કરે છે કે હું એક દિવસ નમાઝ પઢી રહ્યો હતો કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને પોકાર્યો હતો નમાઝ પુરી કરી કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થયો,

આપે ફરમાવ્યું કે મસ્જિદથી બહાર જવા પહેલાં તમને કલામે પાકની એક મહાન સુરત બતાવીશ. તે પછી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મારો હાથ પકડી વાતો કરતા ચાલવા લાગ્યા. મેં કહ્યું કે યા રસુલિલાહ ! આપે ફરમાવ્યું હતું કે હું તમને કુરઆનની એક બુઝુર્ગતરીન સુરત બતાવીશ. આપે ફરમાવ્યું કે હા. તે સુરત સુરએ ફાતેહા છે. સબ્એ મસાની અને કુરઆને અઝીમ છે. જે મને અતા કરવામાં આવેલ છે.

શાને નુઝુલ : શરૂઆતમાં જ્યારે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જંગલ તરફ તશરીફ લઈ જતા તો 'યા મુહમ્મદ'ની અવાજ સાંભળતા. આ અવાજ સાંભળી આપ નજર ઉઠાવી આસ્માન તરફ દેખતા તો જમીન અને આસમાનની વચ્ચે એક લટકતા તખત ઉપર નુરાની માણસ ઈન્સાન બેઠેલો જોવામાં આવતો હતો. આ હાલત જોઈને આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ભયભીત થઈ જંગલમાંથી પાછા આવી જતાં. કેટલીકવાર આ પ્રમાણે થવાથી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આ વાકેયો હઝરત ખદીજા રદીયલ્લાહો તઆલા અનહાના કાકાના દીકરા વરકા બિન નવફીલ જે તૌરતના જબરજસ્ત આલીમ હતા. તેમને કહ્યું. વરકાએ તસબી દઈ આપને જણાવ્યું અય મુહમ્મદ ! તમે ભયભીત ન થાવ. પરંતુ કાન-લગાડીને સાંભળો કે એ શું કહે છે ? ત્યાર પછી આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જંગલ તરફ તશરીફ લઈ ગયા, અને પહેલાં જેમ યા મુહમ્મદ !ની અવાજ સાંભળી. આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે લબ્બૈક કહ્યું અને સાંભળ્યું કે કેવો અવાજ આવે છે. અવાજ આવ્યો કે એય મુહમ્મદ ! હું જીબ્રાઈલ, ખુદાનો ફરિસ્તો છું. અને તમે આ ઉમ્મતના નબી છો. પહેલા કહો અશહદો અલ્લા એલાહા ઈલ્લલ્લાહો વ અશહદો અન્ન મુહમ્મદન અબ્દોહું વરસુલોહ. હવે પઢો અલહમ્દો લીલ્લાહે રબ્બીલ આલમીન.

૩૯. સુરએ ફલક અને સુરએ નાસની ખાસિયત લખી છે.

(૧) આ બન્ને સુરતોને સવાર - સાંજ ત્રણ ત્રણ વખત પઢનાર તમામ આફતોમાંથી બચતો રહેશે.

(૨) હઝરત અકબર (રદી.) કહે છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મને કહ્યું કે હું તને એવી સુરતો શીખવાડું કે જેની

મિશાલ ખુદા તઆલાએ તૌરેત, ઈન્જીલ અને ઝબુરમાં પણ નથી ફરમાવી. મેં અરજ કરી કહ્યું હુઝુર ફરમાવો. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કુલહોવલ્લાહો અહદ અને કુલઅઉઝો બેરબ્બિન્નાસ પઢતા રહો.

(૩) હઝરત ઈબ્ને અબ્બાસ (રદી.) કહે છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે કહ્યું છે કે હરેક ચીજ જેનાથી પનાહ માંગવાવાળાઓએ પનાહ માંગી, શું હું તમને એ બધાથી સારી ચીજ બતાવું ? મેં અરજ કરી કહ્યું ફર્માવો. હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે તે કુલ અઉઝો બેરબ્બિલ ફલક અને કુલ અઉઝો બિ રબ્બિન્નાસ છે.

(૪) હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અબ્દુલ્લા (રદી.)ને ફરમાવ્યું છે કે તમે સવાર-સાંજે ત્રણ ત્રણ વખત સુરએ ઈખ્લાસ અને મુઅવ્વજતયન પઢ્યા કરો કે જેથી તમારા માટે દરેક વસ્તુ ફાયદાકારક થશે.

૪૦. નાદેઅલીની ખાસિયત લખી છે.

જે માણસને દુશ્મન વેરી વધારે હોએ, ને બીતો હોએ, તો એ દરરોજ સાત વાર નાદેઅલી પઢી ને અલ્લાહ આગળ દોવા માંગે તો તેના દુશ્મન દુર થાય (૧), વળી કોઈના ઉપર કોઈએ જાદુ કરેલું હોએ તો સાત કુવાઓનું પાણી મંગાવીને તેના પર નાદેઅલી સાત વાર પઢીને, તે પાણીથી નવરાવે ને થોડું પાય તો જાદુ દુર થાય. ને સારૂ થઈ જાય. (૨), કોઈ માણસને ઝેર ખવડાવ્યું હોએ, તો તેને કાચની રકાબીમાં કેસર અને કસ્તુરીથી નાદેઅલી લખી પછી ધોઈને તેના ઉપર નાદેઅલી પચીસ ફેરા પઢી ફુંકીને પાય તો સારૂં થઈ જાય (૩), કદી કોઈ માણસને મંદવાડ હોય, અને તેના ઓસડથી હકીમ વેદ થાકી ગયા હોએ તેને નાદેઅલી પાણી પર પઢીને રોજ પીવરાવે,

ની સારૂ થઈ જાય, મંદવાડ જતો રહે (૪), કોઈ માણસ માથે દુઃખ તથા મુશ્કેલી પડી હોય, તો નાદેઅલી હજાર વખત પઢે તો દુઃખ દુર થાય (૫), કદી કોઈ પણ માણસ આપણા ઉપર ગુસ્સે થયો હોય (ખફા થયો હોય) તો નાદેઅલી ઈકોતેર ફેરા પઢીને તેની પાસે જાય, ને ત્રણ વખત પઢીને પોતાના પંડ ઉપર ફુંકે, તો તે માણસ તેના ઉપર મહેરબાન થાય (૬), પોતાની મુરાદ ઈચ્છા પુરી પાડવા સારૂ રોજ છત્રીસ વખત પઢે તો તેની ઈચ્છા પુરી થાય. (૭), સવારે મોટે પરોઢીએ નાદેઅલી બાર વખત પઢીને બહાર જાય. તો જે મળે તે સર્વ તેના દોસ્તાર થાય (૮), બીજું કોઈને માથે ખોટી તહોમત મુકી હોય, તો તે માણસ નાદેઅલી હંમેશા (૪૦) ચાલીસ વખત પઢે. તો તેના માથેથી તહોમત દુર થાય (૯), કોઈ માણસ પૈસાવાળો થવા ઈચ્છતો હોય, તો બાર વખત સવારે ને બાર વખત સાંજે પઢે તો પૈસાવાળો થઈ જાય. (૧૦), કોઈ જરૂર કારણને લીધે સંતાઈ જવું હોય, તો નાદેઅલી અઢાર વખત પઢીને સંતાઈ જાય તો તેને કોઈના જોઈ શકે. એ સિવાય ઘણી જ ખાસિયત છે પણ લખતાં પુરી થાય એમ નથી.

૪૧. બિસ્મિલ્લા હર્રહમા નર્રહીમ ની ખાસિયત લખી છે.

હઝરત ઉસ્માન બિન અફફાને (રદીયલ્લાહો તઆલા અન્હો) રસુલે ગીરામી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી બિસ્મિલ્લાહના બારામાં દરયાફત કરવામાં આવ્યું. આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, એ અલ્લાહ તઆલાના નામો માંથી એક નામ છે. એ નામ અલ્લાતાલાના ઈસ્મે આ અઝમથી એવી રીતે નજદીક છે આંખની સફેદી અને કાળાશમાં નિકટતા છે.

હઝરત અબુ સૈઈદ ખુદરી રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે. કે હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું

કે હઝરત ઈશાને એમનાં વાલીદાએ એક આલિમને સુપુર્દ કર્યા (સોંપ્યા) આલિમે હઝરત ઈસા અલૈયહિસ્સલામને બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ લખવા કહ્યું. હઝરત ઈશા અલૈયહિસ્સલામે (પુછ્યું) બિસ્મિલ્લાહ શું છે ? આલીમે જવાબમાં જણાવ્યું મને ખબર નથી, હઝરત ઈશા અલૈયહિસ્સલામે કહ્યું કે 'બે' થી મુરાદ બહાએ ઈલાહી છે. અર્થાત :- અલ્લાહની જાત માટે અને સીનથી મુરાદ સનાએ ઈલાહી અને મીમથી મુરાદ મમલુકિયતે ઈલાહી અર્થાત :- અલ્લાહ સૌનો માલિક અને માઅબુદ છે.

એક હદીસ શરીફમાં છે કોઈપણ કામ બિસ્મિલ્લાહ વગર શરૂ કરવામાં આવે તો તે કામ અધુરૂં રહી જાય છે. મતલબ તેમાં બરકત નથી થતી, અગર જો જાહેરમાં આમ કરવાથી બુરૂં લાગતું હોય !

આ દુવાની શરૂઆત અને તેમાં અંતમાં બિસ્મિલ્લાહ પઢવામાં આવી હોય, એ દુવા રદ થતી નથી.

આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે મેઅરાજની રાત્રે મને દરેક પ્રકારની જન્નત બતાવવામાં આવી. જેમાં મેં ચાર પ્રકારની નહેરો જોઈ, (૧) સાફ - નિર્મળ પાણીની, (૨), દુધની (૩) શરાબે તહુરની (પવિત્ર શરાબ), (૪) શેહદે મુસફફાની (શુધ્ધ મધની), મેં જીબ્રાઈલને પુછ્યું કે આ નહેરો ક્યાંથી આવે છે ? અને ક્યાં જાય છે ? હઝરત જીબ્રાઈલ અલૈયહિસ્સલામે જવાબમાં ફરમાવ્યું કે આ નહેરો હૌઝે કૌસર તરફ જાય છે. પરંતુ ક્યાંથી આવે છે. તેની મને ખબર નથી. ખુદાથી દુવા કરો કે આ રહસ્યમયની પણ ખબર પડી જાય. મેં દરખાસ્ત કરી. એક ફરિશ્તાએ આવી સલામ કરી, અર્જ કરી યા મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આંખો બંધ કરો. મેં (આંખો) બંધ કરીને ખોલી તો એવી જગ્યા પર હું હતો જ્યાં એક

ઘુમ્મટ સફેદ મોતીનો અને તેના દરવાજા યાકુતના બનેલા હતા, અને સોનાનું તાળું લાગેલું બંધ હતું, તે એટલું મોટું હતું કે પુરી દુનિયા એની ઉપર બેસે તો પહાડ ઉપર ચકલી બેઠી હોય. પછી ફરિશ્તાના કહેવાથી મેં તાળાની પાસે જઈ બિસ્મિલ્લાહ પઢી. આથી તાળું તરત જ ખુલી ગયું. હું ઘુમટમાં અંદર ગયો. જોયું તો તેમાં ચાર સ્તંભ છે. દરેક સ્તંભ ઉપર બિસ્મિલ્લાહ હર્રહમા નિર્રહીમ લખેલું છે. (૧) પાણીની નહેર બિસ્મિલ્લાહની મીમથી જારી છે. (૨) દુધની જ નહેર અલ્લાહની મીમથી, (૩) પવિત્ર શરાબની નહેર રહેમાનની મીમથી, (૪) અને શહેદ (મધ)ની નહેર રહીમની મીમથી નીકળે છે. બાદ ખુદા તઆલાએ ફરમાવ્યું છે કે, અય મુહમ્મદ - (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જે કોઈ તારી ઉમ્મતમાંથી આ નામોને યાદ કરશે, અને સાચા દિલથી બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ પઢશે તો તેને આ ચારો નહેરોથી સયરાબ (તૃપ્ત) કરીશ.

જે કોઈ માણસ બિસ્મિલ્લાહને (૧૦૦) સો વાર લખીને પોતાના ખેતરમાં એવી જગાએ મુકી દે કે જ્યાં બેઅદબી ન થવા પામે, તો તે ખેતર તમામ આફતોથી સુરક્ષિત રહેશે. ખેતીવાડી લીલી ફરિયાળી રહેશે અને તેમાં બરકત થશે.

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

૪૨. સતપંથીઓને સવાર બપોરે સાંજ મધરાતની વેળાએ ભણવાની દુવા.

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ. તમારી અમ્મર દ્રષ્ટે કરી, કરમ મેહેર કરી, અમારા પાતક દુર કરો, તોબાં વખત ☐ કબુલ કરો. યા શાહ અલી મુર્તુઝા (૧) યા ઈમામ હસન હુશેન (૨), યા ઈમામ ઝયનુલ આબેદીન (૩), યા ઈમામ મોહમ્મદ બાકર (૪), યા ઈમામ જાફરો

સાદીક (૫), યા ઈમામ ઈસ્માઈલ શાહ (૬), યા ઈમામ નુરમહમ્મદ શાહ (૭), યા ઈમામ મુન્તે સરબિલ્લાહ (૮), યા ઈમામ શમ્સોદીન (૯), યા ઈમામ ઈસ્લામ શાહ (૧૦), યા ઈમામ નુરમહમ્મદશાહ (૧૧), યા ઈમામ નરઅલી મહંમ્મદ શાહ (૧૨), આખર જમાનાના શાહો. અમારી તોબાં બંદગી કબુલ કરો. દિદાર કરો. તોબાં તોબાં બંદો ગુનેગાર. સાહેબ તો બક્ષણહાર, બંદો તોબાં કરે., સાહેબ કબુલ કરે. બક્ષો બક્ષણહાર, સચ્ચો પીર ફર્માન

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

(આટલુ બોલી રહ્યા પછી શિજદો કરવો, ત્યારબાદ એક માળા હક લાએલાહા ઈલ્લિલ્લાહો મોહંમદુર રસુલિલ્લાહે. એ નામના કલમાની કરવી. પણ જો મધરાતની વેળા હોય, તો બે માળા કલમાની અને એક માળા પીરશાહના જાપની કરવી. પછી શિજદો કરી બે હાથ જોડી માથું જમીન ઉપર જ રહેવા દઈ નીચેની દોવા ભણવી.)

સુબ્હાનલ્લાહે, યા અલ્લાહ, યા અલી, યા અલી, યા અલી, હક્ક લાએલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલિલ્લાહે.

(એટલું કહી બેઠા થઈ મોઢાં ઉપર હાથ ફેરવી નીચેની દોવા ભણવી.)

ફરમાનજી બિસ્મીલ્લા હરરહેમાન નરરહીમ આદ નિરંજન નરઅલી મહંમદશાહા, આદ વિષ્ણું તમારી દોવા, પ્રથમ તમે સ્વામી (૧) શ્રી મચ્છા (૨), શ્રી (કચ્છ)કોરંભ, (૩), શ્રી વ્યારાહ (૪), શ્રી નરસિંહ (૫), શ્રી વામન, (૬), શ્રી પરશુરામ (૭), શ્રી રામ (૮), શ્રી કૃષ્ણ, (૯), શ્રી બુદ્ધા (૧૦), શ્રી શીશ, (૧૧)૪ શ્રી નુહ (૧૨), શ્રી ઈબ્રાહીમ, (૧૩) શ્રી ઈસ્માઈલ, (૧૪) શ્રી સુલેમાન, તેજ આજ નરઅલી મહંમદશાહ, અંતે શ્રી નકલંકી નારાયણ, ઈમામ મહેંદી. તમારા રૂખેસરોની લાજ રાખી ગુનાહ બક્ષી કરમ મહેર

કરી, તમારા બંદા જાણી, અરજ બંદગી કબુલ કરો. સુભાન, કરીમ, રહીમ કિરતાર, તુંહી દાતાર, યા અલી, યા અલી, યા અલી, નુરે નુર આયા સોહી, તે નુર અલી, મહંમદશાહ લેજો જોઈ તુંહી નર અલી હમારી ☐ દુવા કબુલ કરો સચ્ચો ફર્માન નુરસદગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ નિરંજન નરઅલી મહંમદ શાહ, હમારી ☐ દોવા કબુલ કરો.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

(આટલું ભણ્યા પછી શિજદો કરી એક માળા 'પીરશાહ'ની કરી શિજદો કરવો.)

☐ (આ નિશાની છે, તે જગ્યાએ જે વખત હોય તે બોલવું)
(૧) સવાર (૨) બપોર (૩) સાંજ (૪) મધરાત

૪૩. ધુપ લોબાનનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ તમારી દુવા. આહે દરૂદ. જાહે દરૂદ. દરૂદ નબી પર. અલ્લાહો ફાતેહા. અગર જલે પીડા ટળે. સાહેબ જાગે શેતાન ભાગે ધૂપ ત્યાં રૂપ. દેવ ત્યાં પૂજા. અલખ નિરંજન નિરાકાર. અવર દેવ નહીં દૂજા. સદ્ગોર ઈમામશાહ નરઅલી મહમ્મદશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૪૪. દિવાજ્યોતને પ્રણામનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ તમારી દુવા. ગોર દીવો. ગોર દેવતા. ગોર વિના ઘોર અંધારા. ગોર વિના યુક્તિ નહીં. ગોર વિના મુક્તિ નહીં મન તાળું. કલમો કુંચી. ખોલો ધર્મ દ્વાર. દેખો મહંમદશાહ કા દિદાર

જાગે જોત. ભાગે છોત. સતગોર ઈમામશાહ નરઅલી મહંમદશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૪૫. તોબાં ભણવાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ તમારી દુવા.

સાહેબ તોબાં તોબાં હજાર વાર. આ બંદા ગુનેહગાર બક્ષો ગુના લાખ. અવ્વલ આખર શાહ. મુર્તુઝાઅલી પાક અવ્વલ શાહ અલી. આખર ઈમામ મહેંદી જાંબુદ્વિપના ધણી. વિષ્ણુ નારાયણ. વિશ્વના આધાર. સૃષ્ટિના સર્જનહાર. જાંબુદ્વિપે ધર્યો અવતાર. રહેણી કીજે ખેર. દિવસ કીજે મહેર. નેહકી નજર ધરો. બંદાની મુશ્કેલ આસાન કરો. સદગોર ઈમામશાહ નરઅલી મહંમદશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૪૬. કુલ ઋષિવરોને હેજંદાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ સદ્દગોર પીર કબીરદીન, સદ્દગોર પીર સોદરદીન, સદ્દગોર પીર સાહેબદીન, સદ્દગોર પીર નસીરદીન, સદ્દગોર પીર શમ્સદીન સદ્દગોર પીર શલાઓદીન, નર ઈસ્લામશાહ નરઅલી નિરંજન નામ, નબીનૂર સદ્દગોર તમારી દુવા.

આધ નારાયણને હેજંદા, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરને હેજંદા, આધ શક્તિ લક્ષ્મીજીને હેજંદા, સાત ફિરસ્તાને હેજંદા, બાવા આદમને હેજંદા, મામા હવાને હેજંદા નબી મહંમદને હેજંદા. હક્કશાહ મુર્તુઝાઅલીને હેજંદા. આધ શક્તિ બીબી ફાતમાને હેજંદા. ઈમામ હસન હુશેનને હેજંદા. સિત્તેર શહસ્ત્ર હુશેનની કુલ કાયમના

પરિવારને હેજંદા ધરતી આસમાનને હેજંદા. પવન પાણીને હેજંદા. ચંદ્ર સૂરજને હેજંદા. નવલાખ તારાને હેજંદા બાર મેઘને હેજંદા, નવકુલ નાગને હેજંદા. સાત સમુદ્રને હેજંદા. નવસે નવાણું નદીઓને હેજંદા સાતવાર સત્તાવીસ નક્ષત્રને હેજંદા. પંદર તિથિ બાર કરણને હેજંદા. નવગ્રહને હેજંદા. સાત દ્વિપને હેજંદા. નવખંડ પૃથ્વીને હેજંદા. ચોવીસ મુલકને હેજંદા. અષ્ટકુળ પર્વતને હેજંદા. નવકુળ નાગને હેજંદા. બાર કુળ મેઘને હેજંદા. અઢારભાર વનસ્પતિને હેજંદા. ચાર વેદને હેજંદા. ચાર કિતાબને હેજંદા. ચાર ખાણી, ચાર વાણીને હેજંદા. અગ્નિ તેજ અન્નદેવને હેજંદા. આદ્ય અંત મધ્યના દેવને હેજંદા. ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમને હેજંદા. નવનાથ ચોર્યાશી સિદ્ધને હેજંદા. અઠ્યાસી સહસ્ત્ર ઋષિઓને હેજંદા. એક લાખનેં એશી હજાર પીર પેયગંબરને હેજંદા. નવ્વાણું કરોડી જાંખાને હેજંદા. છપ્પન કરોડી મેધાને હેજંદા. બત્રીસ કરોડી કિન્નરને હેજંદા. પાંચ કરોડી રાજા પ્રહલાદને હેજંદા. સાત કરોડી રાજા હરિચંદ્રને હેજંદા. નવ કરોડી રાજા યુધિષ્ઠિરને હેજંદા. બાર કરોડી મુખી કમળા કુંવરને હેજંદા. કુલ ઋષિવરની ગતગંગાને હેજંદા. મુખી મુસાફરને હેજંદા. ચૌદ ભુવનના દેવ ઋષિવર ને હેજંદા. કરણ કલફના અનંત કરોડી દેવને હેજંદા નબીનૂર સદગોર નર ઈસ્લામશાહ, અમારા ગુનાહ બક્ષો. સતપંથના માર્ગમાં રાખો. લક્ષ ચોર્યાશીના ફેરા ટાળો. તેત્રીસ કરોડીના મેળો આપો. જાંબુદ્વિપના ધણી. તમે ચિંતા રાખો ગતગંગા તણી. સદ્‌ગોર ઈમામશાહ નરઅલી મહંમદશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૪૭. ગોરનરની આલ ગાયત્રી

(મુખીએ હાથમાં ગોળી ઝાલીને બુધ્ધ લગી આલભણવી. પછી કળસમાં ગોળી ગોળવી મીરાં મહંમદશાહ લગી આલ ભણવી)

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

પ્રથમ પરમેશ્વર. પ્રગટે જળ સાગર. મેવાને કરણે હેત રચીને ધરની ઉપર પાએ ન દેનવા. સદા સર્વે પ્રલયે અંત, પ્રથમ નીલવર્ણ તે ધંધુકાર. ત્યારે સ્વામી નમે આદ્ય નિરંજન નિરાકાર. ત્યાં કવન એન પરિવર્તનને. દમ દેહી તે આદ્ય પુરૂષ નારાયણ આપ મને આપ ધ્યાન કર્તવ્યુ હો સ્વામીજી તદા નુર નિર્વાણ આપ હસનકે. તદા નિરંજન તે નિરાકાર. ત્યાં નીલવર્ણ તે ધંધુકાર. ત્યારે નહીં સાદ. નહીં શબ્દ નહિ ઉનાદ નહિ ઓમ ૐ કાર. નહિ ઉત્પત્ત, નહિ રેવંત નહિ રચના. નહિ પવન નહિ પાણી. નહિ ખાણી. નહિ વાણી. નહિ વેદ. નહિ ભેદ. નહિ જળ. નહિ કમળ નહિ હમળ. નહિ વમળ નહિ પર્વત. નહિ પાષાણ. નહિ નદીઓ, નહિ નવાણ, નહિ સમુદ્ર. નહિ સાગર. નહિ ગિરિવર. નહિ કૈલાસ, નહિ મેરુ, નહિ મેખળા. નહિ સ્વર્ગ. નહી નર્ક. નહિ મૃત્યુ. નહિ પાતાળ. નહિ ધરતી. નહિ આકાશ, નહિ ચંદ્ર. નહિ સૂર્ય. નહિ તારા. નહિ ધ્રુવ. નહિ મેઘ. નહિ મંડળ. નહિ રેહણી. નહિ દિવસ. નહિ સુન. નહિ પોકાર. નહિ જરણ. નહિ મરણ. નહિ સૃષ્ટિ. નહિ સંયોગ. નહિ ભાવ. નહિ ભયંકાર. નહિ રૂપ. નહિ રેખા. નહિ રાગ. નહિ ભાષા. નહિ દમ. નહિ કદમ. નહિ ધર્મ નહિ ધર્મકાર, નહિ રીત. નહિ કરીત, નહિ યોગ. નહિ યુક્તિ. નહિ શક્તિ. નહિ ભક્તિ. નહિ મોહ. નહિ માયા. નહિ કામ. નહિ કાયા. ત્યારે ભાવ ભેદ કાંઈ ન હોતા. તદા આદ્ય નિરંજને કઈ પેરે સૃષ્ટિ નિપાવી હો સ્વામીજી ! પ્રથમ તો નીલવર્ણ ધંધુકાર. મધ્યે ઓમકાર. ઓમકારથી હેત ધરિયાં. હેત થકી નીર ઝરીયા. નીર થકી ખીર કરિયા. ખીર થકી ફેંણ ઉપાયા ફેંણ માંહેથી ઈંડ નિપાયા. ઈંડ થકી રચંતે સર્વે રચના ઈંડ છેદીને ત્રણ ત્રિભુવન સજર્યા હો સ્વામીજી. પ્રથમ તો જમીનની જડ બાંધતા યુગ પાંચ (૫), પાંચ (૫), યુગતો પિયાલ શોભંતાં, પાંચ (૫) યુગતો ગડ મેરુ ઉઠંતા. પાંચ (૫) યુગતો

બ્રહ્માંડ જડનાં. આઠ (૮) જુગનો શીલ બ્રહ્મચારી ઓચરંતા. નવ (૯) જુગનો નીર નવાણ ભરંતા, બાર (૧૨) જુગનો ઈંદ્ર બ્રાહ્મ કેરંતા. વીસ (૨૦). જુગનો વિષ્ણુ વનસ્પતિ વસંતા. ત્રણ (૩), જુગનો ત્રિભુવન ત્રિશુળ ધરતા, એક (૧) જુગનો ઓમ (ૐ) કાર બોલી બાળંતા. એવા તોતેર (૭૩) જુગનો વહી ગયા સ્વામીને. અટકળ કરતા, તદા અગમ અગોચર સતગોર બ્રહ્મા નર નારાયણ દેવ મહેશ્વર. એ ત્રણ દેવની પૂજા કરે. તેના આવા ગમનના ફેરા ટળે. તદા સ્વામીજીએ પહેલાં રોપ્યાં મન (૧), મન ઉપર દત્ત (૨), દત્ત ઉપર ક્ષમા (૩), ક્ષમા ઉપર ગજા (૪), ગજા ઉપર નીલ (૫), નીલ ઉપર અનીલ, અનીલ ઉપર શેષનાગ (૬), શેષનાગના શિર ઉપર ધબલા ધોરી. (૭), ધબલા ધોરીના શિંગડાં ઉપર એક રાઈ. (૮), એટલા ઉપર યત્ન કરી સ્વામીજી. એ સૃષ્ટિ નિપાઈ. જે કરણ કલકના અવતાર પાત્ર. તે સાંભળો ઋષિવર ભાઈ. જ્યાં થકી સ્વામીજીએ રૂપ ધર્યાં. તે રૂપ ઓળખી આજ કરો કમાઈ. પ્રથમ નામ તો નીલ (૧), અનીલ (૨), સુન (૩), સ્નાન (૪), ધ્યાન (૫), જ્ઞાન (૬), મેધાન (૭), નુર (૮), તેજ (૯), જલ (૧૦), કમલ (૧૧) કદમ (૧૨), આદબુધ (૧૩), નાદબુધ (૧૪), ગજતત્વ (૧૫), પ્રેમતત્વ (૧૬), આદ્યપુરૂષ (૧૭), આદ્યપુરૂષથી ઓમ (ૐ) કાર. ઓમ (ૐ) કારથી ચારે વેદ પ્રકાશ આદ્ય પુરૂષથી નાભી ચક, નાભી ચકથી ભયે ગોર બ્રહ્મા. સદ્‌ગોર બ્રહ્માથી સર્વ સૃષ્ટિની ઉત્પતિ. જે ચાર કલકના અવતાર પાત્ર તે સાંભળો. મુનિવર ભાઈ. જ્યાં થકી ગોરનરે અવતાર લીધા. તે અવતાર ઓળખીને આજ કરો કમાઈ.

પ્રથમ નામ તો ઓમ (ૐ) (૧), ઉન્નાદ (૨), અવિગત્ય (૩), અહેદ (૪), હવ (૫), કવ (૬), તત્વ (૭), ધર્મ (૮), તેજ (૯), કેવલીક (૧૦), નાદ (૧૧), ઓત્રા (૧૨), હરિતખ્ત (૧૩),

પુરવા (૧૪), અતિતવંશી (૧૫), પ્રેમઋષિ (૧૬), વંશ તો શ્રી મચ્છ (૧૭), મનાઈત (૧૮), ઉગ્રસેન (૧૯), અજુવંત (૨૦), બૃહસ્પતિ (૨૧), અશુમિત્ર (૨૨), પ્રીકમઋષિ (૨૩), વશંતો શ્રી કર્મ (૨૪), વસરત (૨૫), દકાઈત (૨૬), કાત્યાયન (૨૭), પરજાઈન (૨૮), દાઢમઋષિ (૨૭), વંશતો શ્રી વ્યારાહ (૩૦), દેહેર (૩૧), રૂપક (૩૨), કેશવ (૩૩), નસખલિપત્ય (૩૪), ગૌતમ (૩૫), અંબરિષ (૩૬), વંશ તો નરસિંહ (૩૭), મુનાયક (૩૮), વંશવઢણ (૩૯), વીરલોચન (૪૦), કશ્યપઋષિ (૪૧), વંશ તો શ્રી વામન (૪૨), માનધાતા (૪૩), પૃથ્વીજય (૪૪), અસરત (૪૫), જમદગ્ની ઋષિ (૪૬), વંશતો શ્રી પરશુરામ (૪૭), રઘુ (૪૮), નઘુ (૪૯), યયાતિ (૫૦), કેવળીક (૫૧), અજયેપાલ (૫૨), દશરથ (૫૩), વંશતો શ્રી રામ (૫૪), લવ (૫૫), પદ્મ (૫૬), પરિક્ષત (૫૭), વીરપાળ (૫૮), વાસુદેવ (૫૯), વંશતો શ્રી કૃષ્ણ (૬૦), પ્રદુમન (૬૧), (અનિરૂધ્ધ), સેસસ્થાન (૬૨), બુદ્ધસ્થાન (બિલસ્થાન) (૬૩), વેણીવચ્છરાજ (૬૪), સિંહરાજ (૬૫), વંશતો શ્રી બુધ્ધા (૬૬), (ફર્માન કહી કળશમાં ગોળી ગાળવી આલ મીરા મહંમદશાહ લગી ભણવી)

શીશ (૬૭), સામ (૬૮), સુલ્કાન (૬૯), ઈસ્લામ (૭૦), હારૂન (૭૧), આદમ (૭૨), નીઝાર (૭૩), મીઝાર (૭૪), ઈલિયાશ (૭૫), મિલ્યાસ (૭૬), મુલ્કાન (૭૭), કાઝમ (૭૮), કાહેર (૭૯), કાયમ (૮૦), ગાલિબ (૮૧), એલબ તાલિબ (૮૨), કાએમ (૮૩), મુરાદ (૮૪), અબ્દુલમુનાફ (૮૫), હાસમ (૮૬), અબદુલ મુત્તાલિબ (૮૭), અબુતાલિબ (૮૮), વંશ તો શ્રી મુર્તુઝાઅલી (૮૯), ઈમામ હસન (૯૦), ઈમામ હુશેન (૧), ઈમામ જેનલાબેદીન (૨), ઈમામ મહંમદ બાકર (૩), ઈમામ જાફરો સાદિક

(૪), ઈમામ ઈસ્માઈલ (૫), ઈમામ નુરસતગોર (૬), સૈયદ ઈસ્માઈલ (૭), સૈયદ નુરમહંમદ (૮), સૈયદ ઈમામદીન (૯), સૈયદ મુશાફરદીન (૧૦), સૈયદ મન્શુરદીન (૧૧), સૈયદ ગાલિબદીન (૧૨), સૈયદ જમાલદીન (૧૩), સૈયદ સાદકદીન (૧૪), સૈયદ મહેરદીન (૧૫), સૈયદ સાલેહદીન (૧૬), સૈયદ હાદી (૧૭), સૈયદ ફાજલશાહ (૧૮), સૈયદ હાસમશાહ (૧૯), સૈયદ મહંમદશાહ (૨૦), સૈયદ અહમદશાહ (૨૧), સૈયદ નાસિરશાહ (૨૨), સૈયદ મુશાએક (૨૩), સૈયદ મોહીબ (૨૪), સૈયદ મુસ્તાક (૨૫), સૈયદ મહિઓદીન (૨૬), સૈયદ મોમીનશાહ (૨૭), સૈયદ ખાલકશાહ (૨૮), સૈયદ નિઝારશાહ (૨૯), સૈયદ ઈસ્લામ શાહ (૩૦), સૈયદ ઈસ્લામહાદિક (૩૧), સૈયદ શમ્સદીન (૩૨), સૈયદ નસીરદીન (૩૩), સૈયદ સાહેબદીન (૩૪), સૈયદ સુદરદીન (૩૫), સૈયદ કબીરદીન (૩૬), સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ (૩૭), આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ (૩૮), હક્ક લાહેલાહા ઈલ્લિલ્લાહો. મહમંદુર રસુલિલ્લાહો.

૪૮. દુવા પાંચમી સર્વે દેવોને જમાડવાની છે,

પુજા તથા દસોંદ પૈસા વગેરે મુકવાના છે. વગેરે

(પ્રસાદ પાંચમો ચોખાનો મુકવો. થાળ ઉપર પાવળ મુક્યા પછી ભણવો.)

ૐ ફરમાનજી બિસ્મીલ્લાહ હરરહેમાન નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહા આદ વિષ્ણું નિરંજન અલી મહંમદશાહા. સતગોર પીર કબીરદીન, સતગોર પીર સુદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર સલાઉદીન, નર ઈસલામશાહા, નરઅલી નિરંજન નામ નબીનુર સતગોર તમારી દુવા,

દીવાન બાદશાહાજી હુશ્યેની પાત્ર જીવોના ઓધ્ધાર સૃષ્ટિના સર્જનહાર જાંબુદ્વિપે ધર્યો અવતાર, તમે અવિચળ તમારી વાચા અવિચળ તમારૂં આસન અવિચળ તમે સ્થાનકનાં ધણી, તમે રચના રચી ચૌદ ભૂવન તણી, તમારી પારે તમારી નૈયતે તમારી દસ્તરે તમારી દરગાહે તમારી જગ્યાખાને જે કોઈ મુનિવર બંદો હીણો ખીણો બાઈ બાવડી, જે કોઈ મુનિવર મનની મુરાદે ઈચ્છાએ તમારા ભંડારમાં ભાવ કરીને તમારા લંગરખાને, જે કોઈ બંદે માન્યું ઈચ્છયું હોય લાઈ લ્હાણાનું જે કોઈ બંદે દમડો, દેડકો, સૂત્ર, વસ્ત્ર, કણ, કાંકણ, દાણો, ખાણું, ત્રાંબુ, રૂંપું, હેમ, કુંદન, ઢબુઓ, પૈસો, દામ, દિરમ્, કોડી, દોકડો, બદામ, રૂપાનાણું, અન્ન, પાણી, પાન, ફુલ, ફળ, શાક, પાક જે કોઈ બંદો તમારી દરગાહે ઈમાનસું, ગતગંગામાં પૂજે, દુવા કરાવે, તે કબુલ કરો દીવાન બાદશાહજી બંદાના રિજ્જક પાણી મોકળા કરો, અન્ન પાણીના ભંડાર અખૂટ કરો, ખટ્ટી કમાઈમાં બરકત આપો, વાટઘાટ સોહેલી કરો, દુઃખ દોહેલા દૂર કરો, ઋષિવર બંદા ઉપર રહેમની નજર ધરો, બંદાની ખેતી, વાડી, વણજ, વેપારમાં સેહ પૂરો આવાગમન દૂર કરો, એક ઘણું દાન સવા લાખ ઘણું પુન્ય, એક વાર દાન ઋષિવર દે તે સવા લાખ ઘણેરૂં લે, નબીનુર સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ તેની શાખ ભરે, નરઅલી મહંમદશાહ નિરંજન નિષ્કલંકી આણ ધરે, હરિવંશપરિવાર શાહમુર્તુઝા અલી તે નારાયણ નિષ્કલંકી અવતાર આદ્ય વિષ્ણુ તમે કરો બંદાની સિફાયત, બંદાની પુજા પાત્રી કબુલ કરો, બંદાને નીમે, ધર્મે સતપંથના માર્ગ માંહે ભર્યા પૂરા રાખો, દશાંશ સુકીતનો મેળો આપો, ગત જમાતમાં ભેળા રાખો, અનંત કરોડીની સોબતમાં રાખો, ફર્માન ફાતિયો કબુલ કરો, મેહેર સમાન દાન વિશ્વંભરા ભોજન કબુલ કરો પૃથ્વી પ્રદક્ષિણાનું ફળ આપો, ઋષિવર બંદાના પાપ કાપો,

મહાદન વેળામાં ઉગારી લેજો, રોજે કયામત માંહે દિદાર દેજો, બંદાની આકબત ખેર ઈમાન સલામત રાખો, પાંચ સાત, નવ બાર તેત્રીસ કરોડીનો મેળો આપો, લક્ષ ચોરાશીના ફેરા ટાળો કમળા કુંવરની સોબતમાં રાખો, દેહતર દુનિયા, સહસ્ત્ર આખરત, સદ્ગોર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી મહંમદશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૪૯. નિશાની થાળ અક્ષયપાત્રનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. નબીનુર સદ્ગોર તમારી દુવા.

હરિચંદ્ર ચતુર્વેદી બ્રહ્મા. મોક્ષ દાતાર. દેવ મહેશ્વર અને સહદેવ તપી. કસે કળશ કિરતાર. ચાર યુગ મધ્યે જીવ ઓધાર્યા. પાંચ સાત, નવ બાર. તેત્રીસ કરોડી, અનંત કરોડીના મેળા આપો. તમે હુશ્યેની પાત્ર દીવાન બાદશાહજી. ભાવ ભક્તિ સિધ્યો સ્વરૂપ થાળ પ્રસાદ નિશાની મહેમાની દશાંશ, શુકૃત્ય, દામ, દોકડો, પાન, ફળ, ફુલ, અન્ન, પાણી, શાક, પાક, જીકર, બંદગી કબુલ કરો સાહેબ તમશું બલિહારી, અમને આશા દેવ તમારી, અક્ષયપાત્ર અખુટ કરો. સ્વામી તમે ગત જમાતમાંહે નુર નિશાનીએ પરવરો. અન્નપૂર્ણા અન્ન પૂરો. પાણી પુરો ગણેશ. રિદ્ધિ સિદ્ધિ આપો માતા ભવાની. મહાદેવ સ્વામી ભોજન પીરશે. માતા ભવાની ગયા બ્રહ્માજીની પાસ. રિદ્ધિ સિદ્ધિ આલો છીએ તમારા દાસ. ભરો ભંડાર કરો (થાવ) સુખી અન્નદેવ પૂર્ણા જાલંધર મુખી. સતગોર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૦. નિશાની જમવાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. નબીનુર સદ્ગોર તમારી દુવા.

સ્વામી તમે સૃષ્ટિના સર્જનહાર. નિશાની મહેમાની ભાવે, સુભાવે, તમારી નૈયતે દસ્તરે કબુલ કરો. અન્ન પાણીના આહાર. પાન ફુલના ભોકતા જુમલી જમાત ઉપર રહેમ કરો. રહેમની નજર ધરો. તમારાં નુરને તમે વરો; બંદા તમારા ઉપર નેક નજર ધરો. અનંત જીવ તપ કરી આવ્યા એમ દેવવેદ વાયકે ભાંખતે. સદ્ગોર હેત કરીયા. તે ચતુર્વેદી બ્રહ્મા. સ્વામી હક્કદાણા. સેવાએ આણ્યા. જાકા દાણા, ખટ્ટી કર કમાણા. સત્યસું લાણા, પ્રેમશું પકાણા. દુર્વેસી ગ્રાસ દાણા. હક્ક હલાલ કર ખાણા. ફર્માન બિસ્મિલ્લાહ સાહેબ તમકું પહોંચાણા. સતગોર ઈન્દ્ર ઈમામશાહા. નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૧. નિશાની જમીને ભણવાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. નબીનુર સદ્ગોર તમારી દુવા.

દેહત્ર દુનિયા સહસ્ત્ર આખરત. આકબતની ખેર. ઈમાનની સલામતી. યા સદ્ગોર ખેર કર કબુલ. મદદ અલ્લાહ રસુલ, જિસ ભંડારથી રોજી આવે. સો ભંડાર કરો ભરપુર. ખાયા નુર. હુવા હજુર. અલ્લાહ આદમ રસુલ. તુમને દિયા બંદેને ખાયા. ફર્માન બિસ્મિલ્લાહ શાહ તમકુ પહોંચાયા. સતગોર ઈન્દ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૨. સ્ત્રીને છાંટ નાખી લાઈસુતક ઉતારવાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. સદ્‌ગોર પીર કબીરદીન. સદ્‌ગોર પીર સુદરદીન. સદ્‌ગોર પીર. સાહેબદીન. સદગોર પીર નસીરદીન. સદ્‌ગોર પીર શમ્શદીન. સદ્‌ગોર પીરસલાહોદીન. નર ઈસ્લામશાહ. નરઅલી નિરંજન નામ નબીનુર સદ્‌ગોર તમારી દુવા.

પ્રથમ આદ્ય નિરંજન ધંધુકાર. તમે સર્જી મુરત ચાર. તમે સૃષ્ટિના સર્જનહાર. તમે કીધા વેદ વિસ્તાર. સ્વામી તમે ધર્યા અવતાર. અર્થવવેદમાં સચરાચાર. ખાણી વાણીને સર્જ્યા વેદ. તમે સર્જ્યા અમરભેદ. અમરભેદની અમરકાયા. આદ અંતે નુર નિપાયા. નુરથી નિર્મળ એ જીવ નિપાયા. સુતક ટાળો. પાતક બાળો. નુરે જીવના પિંડ પિખાળો. ઈમામશાહ. નરમહંમદશાહ. છાંટ ડાલો. છોત ઉતારો પાપની મોટ લેખો. સુતક પાતક લાઈ લેખો. દન એક, માસ, છ માસ, દશ માસ, દો ચાર, સો દન, ચાર જરોજ ખાણીમાં મનુષ્ય અવતાર. તમે ઉતારો બંદાનો ભાર. પર અન્ન, પરજળ, દુનિયા તણો વ્યવહાર. તે નુરથી કરો નિસ્તાર. સુતક ટાળો, પાંચે પાતક બાળો, સાચો, જૂઠો, ભૂલ્યો, ચૂક્યો. વાચા વચને, વેદ હીણો. ઉણીયાચરી, અવગુણ પાતક ભર્યો. પાંચે પાતક દુર કરો, વારંમવાર લગી પાવન કરો. નુર ફર્માન કાંડી જપાવો અજંપા જાપ. તમે ઉતારો બંદાનાં પાપ, ગતગંગાને જુમલી જમાત. અનેક વર્ણને એક જ નાત. નુરથી કરો પાતક દુર. અલી નબી તમે કરો જીવની સિફાયત. સદ્‌ગોર સુદરદીન. નર ઈસ્લામશાહ. તમે જીવને આલો દેદાર. ઈમામશાહ નર મહંમદશાહ. તમે જીવોના તારણહાર. (એ) બંદાને પાક કરો. (એ) જીવના ગુનાહ માફ કરો. સદ્‌ગોર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી

મહંમદશાહ. ((એ) જે નામ હોય તે લેવું અને એક કરતા વધારે હોય તો બારરાશીના નામ લેવું)

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૩. પુરૂષને છાંટ નાખી સુતક ઉતારવાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. નબીનુર સદ્‌ગોર તમારી દુવા.

પીરપાક. નુરપાક. નિરંજન નારાયણ પાક. પાંચ તન પાક. સાત મલાયક પાક, ચાર દાહમા અસુમ પાક. દોવાઝ દે ઈમામ પાક. તમારૂં નામ પાક. તમારૂં ઠામ પાક. તમારા નામ નુરને પ્રતાપે કરીને બંદા પાક. ધરતી આકાશ પાક પવન પાણી પાક. ચંદ્ર સૂર્ય પાક. તારા મંડળ ધ્રુવ પાક. અષ્ટકુળ પર્વત પાક. નવકુળ નાગ પાક. બાર કુળ મેઘ પાક. સાત સાહેર પાક. નવસો નવાણું નદીઓ પાક. તમારા નામ નુરને પ્રતાપે કરીને બંદા પાક નવ નાથ ને ચોર્યાશી સિદ્ધ પાક. અઠ્યાસી સહસ્ત્ર ઋષિ પાક. એક લાખ ને એસી હજાર પીર પેયગબર પાક. સિત્તેર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમનો પરિવાર પાક. અડસઠ તીર્થ પાક. નવ્વાણું કરોડી ઝાંખા પાક. છપ્પન કરોડી મેઘા પાક. બત્રીસ કરોડી કિન્નર પાક. તેત્રીસ કરોડી દેવતા પાક. અનંત કરોડીના પીર હસનશાહ પાક. તમારા પાવળના પ્રતાપે કરીને બંદા પાક નુરની છાંટે કરીને બંદા પાક સતગોર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૪. સૂર્ય દર્શન કરવાનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. નબીનુર સદ્‌ગોર તમારી દુવા, ઉગતા સૂર્ય આથમતા ભાણ. નરબીજ તે નર મહંમદશાહ નામ. ભણંતે ગોર

ગાયત્રી. જપે તપે બિંબ ઉપાયા. તબ તમે સૂર્ય દેવતા. તમારા ચરણે આયા. અબદુલ્લાહ જબ્બાર. અબદુલ્લાહ સત્તાર અબદુલ્લાહ ગફ્ફાર. અબદુલ્લાહ રહીમ. અબદુલ્લાહ કરીમ. ચાર પીર મહંમદ સિફાયતના આટલી દુવા ભણે સુણે ઉનકું દોજખ હરામ. સદ્‌ગોર ઈન્દ્ર ઈમામશાહા નરઅલી મહંમદશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લિલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૫. બીજનો ચંદ્ર દર્શનનો મંત્ર

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. નબીનુર સદ્‌ગોર તમારી દુવા.

બરકત રહેમત, સાહેબ સલામત. અરજ ઉમેદવાર આજહો ચંદ્રમા ગોર. તમે સતીઓનાં સત રાખજો. નબીની ઉમ્મતના કરગર્યા કાન ધરજો. સમર્યા સહાય કરો. કીધા ગુનાહ બક્ષો બીજા ગુનાહ ના કરાવશો. જાંખા, મેઘા કિન્નર, દેવ તેત્રીસ કરોડીના મેળા આલો અનંત કરોડીની સોબતમાં રાખો, લક્ષ ચોર્યાસીના ફેરા છોડાવો (ટાળો), સતગોર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૬. પાંચે ગાયત્રીઓનું બ્યાન

(ત્રતવંગ ગાયત્રી મોક્ષ પામવાની છે.)

અથર્વવેદી. શ્રી આદ બ્રહ્માજી, સહીસત બ્રહ્માજી, નુર બ્રહ્માજી તેજ થકી સર્જનતેં સુરીજન નિરંજન નિરાકાર, નિરંજન જોતસરૂપ, બ્રહ્મા વાચા, ઉતપત રચના સરજંતે, શ્રી સતપંથ ધર્મ, સતમાર્ગ આદે સાચા મુનીવરને કાજે પ્રકાશતે જે કોઈ મુનીવર સાંભળતે તે આવાગમન મધે નહીં જાયંતે. લખચોર્યાસીએ નર તથા નારી છુટંતે, જે કોઈ અથર્વવેદી ગાયત્રી પોતાની પાસે રાખીને ભણંતે પોતાની પાસે

રૂદીયામાં(હૃદયમાં) રાખંતે તે જીવ અમરાપર ભોમ અમરાપુરી ભોગવંતે જે કોઈએ નર તથા નારી એની શુધ્ધ ના જાણતે, તે સદાએ જનમ હારંતે લખચોર્યાસી આવાગમન મધે ભોગવંતે. તે સહી સત કરી જાણજો હો મુનીવરો. આદ જોગ તેજ થકી નુર, નુર થકી નિરંજન, નિરંજન નિરાકાર થકી જોત સ્વરૂપ જોત સ્વરૂપ થકી આદ બ્રહ્માજી, આદ બ્રહ્માજી થકી સત બ્રહ્માજી, સત બ્રહ્માજી થકી નુરના તેજ સતગોર બ્રહ્મા. સતગોર બ્રહ્માજી થકી સર્વે રચના રચંતે. સત સત ધર્મ માર્ગ. આદ બ્રહ્માજી થકી નુર સત્‌ગોર, નુર સત્‌ગોર થકી સરજંતે, સતમુનીવર ને કાજે પ્રકાશંતે.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૭. મડદાને નવરાવવાની દુઆ

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ તમારી દુવા.

સ્વામી તમે હેત ધરિયું, હેતથી નીર ઉપાયા, નીરથી બાંધ્યા યુગચાર, ચાર દિશાએ કર્યો પ્રકાશ. નીર ખર્યું પિંડથી સાર, તે નીરે પવિત્ર વિસ્તાર, નીરે કર્યો નુર. નીરે સર્જ્યા ચંદા સૂર નુર મોક્ષ મુગતનો ઘાટ, પવિત્ર માંડ્યા ઘટ ને પાટ. નવ્વાણું કરોડી ઝાંખા, છપ્પન કરોડી મેઘા, બત્રીસ કરોડી કિન્નર તેત્રીસ કરોડી દેવતા, અઠ્યાસી સેહસ્ત્ર ઋષિ. એક લાખ એંસી હજાર પીર પેયગંબર પામ્યા મોક્ષમુક્તિની વાટ. સતગોર પીર સલાહોદીન, સતગોર પીર સમ્સદીન, સતગોર પીર નસીરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર સોદરદીન, સતગોર પીર કબીરદીન, સતગોર પીર ઈમામશાહ આ જીવને પવિત્ર કરો. દુઃખ દોહેલાં દુર કરો. મોક્ષ મુક્તિનો માર્ગ આપો. તમે પવિત્ર છો. તમારા સેવકોને પવિત્ર કરવાનો ધર્મ છે,

તમારે ધર્મે તમારા કર્મે, આ જીવની દેહ પવિત્ર કરો. તેત્રીસ કરોડીનાં મેળામાં રાખો. ફર્માન પીરશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૮. મુડદાને દાટવાની દુવા

(મુડદાંને કબરમાં ઉતારીને ભણવી, અને પછી માટી વાળવી.)

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. તમારી દુવા. સ્વામી તમે પ્રથમ રોપ્યા સત. સતથી દત્ત. દત્તથી ક્ષમા ક્ષમાથી હેત. હેતથી નીર, નીરથી ખીર, ખીરથી નીલ, નીલથી અનિલ, અનિલથી ફીણ, ફીણથી ખાક ખાક તે સદાએ પાક.

સ્વામી નીરથી પવન, પવનથી અગન, અગનથી રચી ખાક, યુગ ચારનાં ચાર દાગ, ખાક પાક, મોક્ષ મુક્તિની વાટ, સતપંથી જીવને આપી હાથ, ચાર યુગનાં દશ અવતાર, દશ અવતારે ચાર દાગ. શ્રી મચ્છની રક્ષા, શ્રી કોરંભની રક્ષા, શ્રી વ્યારાહની રક્ષા, શ્રી નરસિંહની રક્ષા, શ્રી વામનની રક્ષા, શ્રી ફરસુરામની રક્ષા, શ્રી રામની રક્ષા, શ્રી કૃષ્ણની રક્ષા, શ્રી બુદ્ધની રક્ષા, શ્રી નકલંકી નારાયણ તે શ્રી મૌલા મુરતજાઅલીની રક્ષા. આજે કલવારે ખાક પાક પવિત્ર ભોમદાગ. સતૃગોર નબી મહંમદ પાક, શ્રી સતૃગોર નુર પાક, શ્રી સતગોર શમ્સપીર પાક, શ્રી સતૃગોર નસીરદીન પાક, શ્રી સતૃગોર સાહેબદીનપાક, શ્રી સતૃગોર સુદરદીન પાક, શ્રી સતૃગોર કબીરદીન પાક, નબીનુર ઈમામશાહ નરઅલી મહંમદશાહ પાક, મૌલાના સતપંથી જીવને સોહેલી કરો મોક્ષ મુક્તિની વાટ, ચારે યુગના ભુલેલા જીવ સતપંથના આશરે ભોમદાગે પવિત્ર થઈ, આપની રક્ષા માંહે આવેલો તેને પાક પવિત્ર કરી તેત્રીસ કરોડીનાં મેળા આપો, તમારા

નુરમાં વાસ આપો. ગુના બક્ષો, દુઃખ દોહ્યલાં દુર કરો. સતગોર પાત્ર બ્રહ્મા નબી નુર સતગોર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી મહંમદશાહ ફર્માન પીરશાહ.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૫૯. મુડદાંને દાટ્યા પછી બોલવાની દુવા

(આ દુવા કબરને ફુલ લોબાન ચડાવ્યા પછી પાસે ઉભા રહીને બોલવી.)

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ. આદ્ય વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ. તમારી દુવા શ્રી નકલંકી નારાયણ સતપંથી જીવનો ફર્માન ફાતીઓ મોક્ષની આશિષ, દુવા દાન, ફુલ લોબાન, આપની પવિત્ર મેહેર, સતપંથના સરદાર કળયુગના દાતાર. પહોંચાવડાવો જીવને દુઃખમાંથી છોડવો. સુખ સોહેલાં કરો, દુઃખ દોહેલાં દુર કરો. શ્રી નકલંકી મુર્તુજાઅલી શ્રી નબીનુર સતગોરની આશિષ કબુલ કરો. સતગોર પાત્ર ઈન્દ્ર ઈમામશાહ નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૬૦. મનાથી ચાલીસ પગલા છેટા જઈ ભણવાની દુવા

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહમદશાહ સદ્‌ગોર પીર નસીર દીન, સદ્‌ગોર પીર સાહેબ દીન, સદ્‌ગોર પીર સુદરદીન, સદ્‌ગોર પીર કબીર દીન, સદ્‌ગોર પીર ઈમામશાહા, આદ વિષ્ણું નિરંજન નરઅલી મહંમદશાહ, તમારી દુવા. આ સત્પંથી જીવની મનાએ ચડાવેલા ફુલ ફાતીઓ તેની આત્માને પહોંચાડો. તમારો સત્પંથી જીવ છે તમો તેના ધણી છો. તમારી શરણે. આવેલો છે તેનો ઓધ્ધાર કરો, સુખનો માર્ગ સહેલો કરો, દુઃખ દોહેલાં દુર કરો નબી નુર સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ નિરંજન નર

અલી મહંમદશાહ

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૬૧. મુડદાંને દાટ્યા પછી નાવાની દુવા

ૐ ફરમાનજી બિસમિલ્લા હરરહેમાન નરરહીમ

સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ વિષ્ણું નારાયણ શ્રી નકલંકી નરઅલી મહંમદશાહ. તમારી દુવા તમો પાક પાવન છો, જીવોને. પાક પાવન કરવા યોગ્ય છો, અનંત કરોડી જીવને પાવન કરણહાર છો. મારા સ્થુળ શરીર સાથે જીવને પાક પાવન કરો. કરમ મેહેર કરો, હમારી અરજી કબુલ કરો, શ્રી સત્‌ગોર નબીનુર મહંમદ શ્રી ઈમામશાહ નરઅલી મહંમદશાહા.

હક્ક લાહેલાહા ઈલ્લલ્લાહો મોહંમદુર રસુલીલ્લાહે.

૬૨. પાંચ કલમા

ૐ શ્રી

ફર્માનજી બિસ્મિલ્લાહ હર્રેહમાં નરહીંમ

(૧) અવલ કલમે તૈયબ, દોએમ કલમે શહાદત, અશહદો અન્ન, હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો, મહંમદ રસુલિલ્લાહો. વાએદહુ અલ્લા. સરીકુલહુ શહેદવાન મહંમદીન અબદહુ વેહે રસુલહુ. (એક માળા)

(૨) પીરશાહ (ની બે માળા)

(૩) હક્ક લાએલાહા ઈલ્લિલ્લાહો મહંમદ રસુલિલ્લાહો. (બે માળા)

(૪) તોબા અલ્લાહ પીરશાહ (બે માળા)
વખત કરીને પછી પાછળનો મંત્ર ભણવો.

નોંધ : ક્રમાંક ૨૧ અને ૨૨

(૧) અવ્વલ કલેમા તૈયબ, લાએલાહા ઈલિલ્લાહો મોહંમદુર રસુલિલ્લાહ

(૨) દોયમ કલેમા શહાદત, અશહદો અલ લાએલ્લાહા ઈલિલ્લાહો વહદહુ લાશરિકલહુ વ અશહદોઅન્ના મોહંમદન અબદોહુ વ રસુલોહુ.

(૩) સોયમ કલેમા, તમજીદ, સુબ્હાનલ્લાહે વલહમ્દો લિલ્લાહે વ લાએલ્લાહા ઈલિલ્લાહો વલ્લાહો અકબર વલા હવલા વલા કુવ્વતા ઈલ્લા બિલ્લા હિલ અલીઈલ અઝીમ.

(૪) ચહારૂમ કલેમા, તવહીદ, લાએલ્લાહા ઈલ્લિલ્લાહો વહદહુ લાશરીકલહુ લહુલ મુલ્કો વલહુલ હમ્દો યોહયીવ યોમીતો બે યદેહીલ ખયર વહોવા અલા કુલ્લે શયઈન કદીર.

(૫) પન્જુમ કલેમા રદ્દેકુફર, અલ્લા હુમ્મા ઈન્ની અઉઝોબેકા મીન અન ઉશરેકા બેકા શંયઅવ વઅના અઅૂલમો બેહી તુબ્તો વ તબરરાતો મિનલ કુફરે વશ શીરકે વલ્ કીઝબે વલ ગીબતે વલ મઆસી કુલ્લેહા અસલમતો વઆમન્તો વઅકુલો અશહદો અલ લાએલ્લાહા ઈલિલ્લાહો વહદહુ વ લાશરીકલહુ વ અશહદો અન્ન મોહંમદન અબદોહુ વ રસુલોહુ.

૬૩. ચાર વખતવેળાની ખાસિયત
સતપંથ સનાતન ધર્મની જય

ધ્યાન મૂલમ્ ગુરૂ મૂર્તિય.
પૂજા મૂલમ્ ગુરૂ પદમ.
મંત્ર મૂલમ્ ગુરૂ વાક્ય.
મોક્ષ મૂલમ્ ગુરૂ કૃપા

(૧) દિક્ષા લેતી વખતે ધ્યાનમાં પોતાના ગુરૂની મૂર્તિ ઉતારવી. હંમેશા ધ્યાન કરતી વખતે તે મૂર્તિના દર્શન કરવાં.

(૨) પૂજન હંમેશા ગુરૂ ચરણની કરવી. જ્યારે જ્યારે ગુરૂ આપણા ઘેર પધારે ત્યારે ધૂપદીપ આરતી કરી વધાવી ચરણામૃત લેવું.

(૩) ગુરૂમંત્ર તે મહામંત્ર. તેનાથી બીજો કોઈ મોટો મંત્ર નથી. ગુરૂ મંત્ર એ મોક્ષગતિનો માર્ગ છે.

(૪) ગુરૂ વચનનું પાલન કરવાથી જરૂર ગુરૂ કૃપા થશે. ગુરૂ વચન કોને કહેવાય, જેનો આ પુસ્તિકામાં સાર આપેલ છે. સંધ્યાનાં વખત ચાર નીચે મુજબ ટાઈમ (૧) સવાર (૨) બપોર (૩) સાંજ (૪) મધરાત

(૧) સવાર = અજવાળું થયા પછી ને દિવસ ઉગ્યા પહેલાં.

(૨) બપોર = દિવસના બાર વાગ્યા પછી એક વાગ્યા પહેલાં.

(૩) સાંજ = દિવસ આથમ્યા પછી ને અંધારૂ થાય તે પહેલાં.

(૪) મધરાત = રાત્રિના બાર થી એક વાગ્યા સુધી.